dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 233 | AD - 2026, Jeth Sud -14 | Saturday, Dt. 30-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૪૮૦ વોર્ડમાંથી 'આપ' એકલા હાથે ૨૨૫ બેઠકો જીતી, વિધાનસભાની ચૂંટણી પહેલા વિપક્ષોને ઝટકો

## પંજાબ સ્થાનિક ચૂંટણીમાં 'આપ'નો જાદુ ચાલતા અન્ય પક્ષોમાં ચિંતા

ચંદીગઢ,તા.૨૯

પંજાબ નાગરિક ચૂંટણીઓમાંથી ઉભરી રહેલા ચિત્રે રાજ્યના રાજકીય પરિદૃશ્યને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ કાઉન્સિલ અને પંચાયત ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી (AAP) ને જબરદસ્ત જનસમર્થન મળ્યું છે.

આ ચૂંટણીઓ ફક્ત સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી નથી, પરંતુ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાની 'સેમિફાઈનલ' સાબિત થઈ છે, જેમાં આમ આદમી પાર્ટીએ મજબૂત લીડ મેળવી છે. અત્યાર સુધીના પરિણામોમાં, ૪૮૦ વોર્ડમાંથી 'આપ' એકલા હાથે ૨૨૫ બેઠકો જીતી ચૂકી છે. તેની સામે કોંગ્રેસે ૮૫, અકાલી દળે ૭૧ અને ભાજપે માત્ર ૧૫ બેઠકો મેળવી છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે પંજાબના રાજકારણમાં વિપક્ષ સતત નબળો પડી રહ્યો છે અને ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની પકડ વધુ મજબૂત થઈ છે.સૌથી મોટો રાજકીય સંદેશ ગિદરબાહાથી આવ્યો છે, જ્યાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રાજા વારિંગના ગઢમાં ગાબડું પાડીને ૧૯ માંથી ૧૩ વોર્ડ જીતી લીધા છે. આ પરિણામ માત્ર કોંગ્રેસની હાર નથી, પણ જનતા હવે જૂના રાજકીય માળખાથી આગળ વધવા માંગે છે તેવો સ્પષ્ટ સંકેત છે. બીજી તરફ, મુખ્યમંત્રી ભગવંત માનના ગૃહ મતવિસ્તાર ધુરીમાં 'આપ' એ ક્લીન સ્વીપ કર્યું છે. અહીં ૨૧



માંથી ૨૦ બેઠકો જીતીને પાર્ટીએ સાબિત કર્યું છે કે મુખ્યમંત્રી પર જનતાનો વિશ્વાસ પહેલા કરતા વધુ દ્રઢ બન્યો છે.મોહાલીમાં વોર્ડ નં. ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧ અને ૧૨ માં આમ આદમી પાર્ટીનો ભવ્ય વિજય થયો છે, જ્યારે વોર્ડ નં. ૨ માં અકાલી દળ અને વોર્ડ નં. ૩ તથા ૯ માં કોંગ્રેસની જીત થઈ છે. લુધિયાણા જિલ્લો:'આપ' ખન્ના (૧૦ વોર્ડ), સમરાલા (૬ વોર્ડ) અને દોરાહા સહિતના શહેરોમાં આગળ છે. કોંગ્રેસના ગઢ ગણાતા રાયકોટમાં પણ 'આપ' ૫ વોર્ડમાં આગળ છે. સમગ્ર લુધિયાણામાં 'આપ' એ ૨૩, કોંગ્રેસે ૧૫ અને અકાલી દળે ૫ બેઠકો જીતી છે.શ્રી હરગોવિંદપુર: અહીં કોંગ્રેસ અને અપક્ષોએ ૪-૪ વોર્ડ જીત્યા છે,

જ્યારે શાસક પક્ષ 'આપ' ને ૩ બેઠકો મળી છે. રાયકોટમાં મતદાનના આગલા દિવસે હિંસક હુમલામાં ઘાયલ થયેલા કોંગ્રેસના ઉમેદવાર જગ્ગા ગિલ વોર્ડ નં. ૪ માંથી ૪૭૩ મતોથી વિજેતા બન્યા છે.આ પરિણામો કોંગ્રેસ, અકાલી દળ અને ભાજપ ત્રણેય પક્ષો માટે ગંભીર ચેતવણી સમાન છે. એક સમયે પંજાબના રાજકારણમાં પ્રભુત્વ ધરાવતા આ પક્ષો હવે ત્રીજા અને ચોથા સ્થાન માટે સંઘર્ષ કરી રહ્યા છે. જનતામાં એ ધારણા મજબૂત થઈ છે કે પરંપરાગત પક્ષોએ વર્ષો સુધી પંજાબને વચનો અને પરિવારવાદના રાજકારણમાં ફસાવ્યું હતું, જ્યારે 'આપ' એ વિકાસના એજન્ડાને આગળ ધપાવ્યો છે.

કુલ ૧૯૭૭ મ્યુનિસિપલ કોર્પોરેશન બેઠકોમાંથી જાહેર થયેલા ૭૪૦ વોર્ડના પરિણામોમાં 'આપ' ૩૮૪ બેઠકો સાથે મોખરે છે, જ્યારે કોંગ્રેસ ૧૦૨, અકાલી દળ ૮૧ અને ભાજપ માત્ર ૨૪ બેઠકો પર સમેટાઈ ગયું છે. અપક્ષો ૧૪૯ બેઠકો સાથે બીજા ક્રમે મજબૂત ઉભર્યા છે.

## દેશની તમામ હાઈકોર્ટોને ૩ મહિનામાં પેન્ડિંગ ચુકાદા સંભળાવવાનો સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો

નવી દિલ્હી,તા.૨૯

ચુકાદા આપવામાં થતો વિલંબ અટકાવવા માટે ભારતની સર્વોચ્ચ અદાલતે દેશની તમામ હાઈકોર્ટને બંધનકર્તા નિર્દેશ જાહેર કર્યો છે. સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને આ મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે તમામ હાઈકોર્ટોને ત્રણ મહિનાની અંદર તમામ પેન્ડિંગ ચુકાદાઓ સંભળાવવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે હાઈકોર્ટ એ મુખ્ય સંસ્થાઓ છે જ્યાં હજારો લોકો ન્યાયની આશાએ આવે છે, તેથી સમયસર નિર્ણયો લેવા અનિવાર્ય છે.



આદેશના મુખ્ય મુદ્દાઓ: જામીન આદેશ: જામીન અંગેના આદેશો તે જ દિવસે અથવા તો તેના પછીના દિવસે અવશ્ય જાહેર કરવા પડશે.કેદીઓની મુક્તિ: જામીન મેળવનાર અંડરટ્રાયલ કેદીઓને તમામ ઔપચારિકતાઓ પૂરી કરીને તે જ દિવસે જેલમાંથી મુક્ત કરવાના રહેશે. વેબસાઈટ અપલોડ: તમામ ચુકાદાઓ આવ્યાના ૨૪ કલાકની અંદર તેને હાઈકોર્ટની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે. નીચલી અદાલતોને પણ નિયમિત જામીનના આદેશોની તાત્કાલિક સૂચના આપવાનો નિર્દેશ કરાયો છે.સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે આ નિર્દેશોનો હેતુ કોઈ ન્યાયાધીશ કે સંસ્થા પર આરોપ લગાવવાનો નથી, પરંતુ ન્યાયિક પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે.

## આ વર્ષે દેશમાં ચોમાસુ નબળુ રહેવાની આગાહી કરતુ હવામાન વિભાગ

નવી દિલ્હી,તા.૨૯

હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આ વર્ષે ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની આશંકા છે. આ વર્ષે વરસાદ લાંબા ગાળાની સરેરાશના ૯૦ ટકા રહેવાની ધારણા છે. ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્ય વરસાદ થઈ શકે છે, પરંતુ દેશના બાકીના ભાગોમાં અછત વર્તાશે. આ અગાઉ ૧૩ એપ્રિલની આગાહીમાં ૯૨% વરસાદની આશા હતી, જેમાં હવે ૨% નો ઘટાડો



નોંધાયો છે. IMD ના નિયમ મુજબ, ૯૦-૯૫% વરસાદને સામાન્ય કરતાં ઓછો ગણવામાં આવે છે.

બીજી તરફ, મે મહિનાના અંતમાં બદલાયેલા હવામાનને કારણે ઉત્તર પ્રદેશમાં ભારે તબાહી મચી છે. ગત ગુરુવારે ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડા અને ભારે વરસાદને કારણે ૨૦ થી વધુ જિલ્લાઓમાં ભારે નુકસાન થયું છે અને અલગ-અલગ અકસ્માતોમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. હમીરપુરમાં એક નિર્માણાધીન પુલ પણ તૂટી પડ્યો છે. લખનૌ, નોઈડા, ગાઝિયાબાદ અને વારાણસી સહિતના વિસ્તારોમાં હજુ પણ વરસાદ અને તોફાનનું એલર્ટ છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ કુદરતી આફત અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે વહીવટીતંત્રને ૨૪ કલાકની અંદર નુકસાનનું મૂલ્યાંકન કરીને પીડિત પરિવારોને તાત્કાલિક સહાય અને વળતર ચૂકવવાનો કડક નિર્દેશ આપ્યો છે.

### ટીએમસીના નેતાઓ પર જનતાનો ભભુકતો આક્રોશ

## બંગાળમાં ટીએમસી સાંસદ સૌગત રોયની કાર પર ઈંડા ફેંકાયા

કોલકાતા,તા.૨૯

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના નેતાઓ વિરુધ્ધ સામાન્ય જનતાનો ગુસ્સો સતત વધી રહ્યો છે. જન આક્રોશના કારણે હવે નેતાઓ પોતાના મતવિસ્તારની મુલાકાત લેતા પણ ડરી રહ્યા છે. તાજેતરમાં જ ઉત્તર ૨૪ પરગણાના નિમતા વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભા સાંસદ સૌગત રોયને ભારે વિરોધનો



સામનો કરવો પડ્યો હતો.

સાંસદ સૌગત રોય જ્યારે ટીએમસી કાર્યકરો પર થયેલા હુમલા અંગે આવેદનપત્ર આપવા નિમતા પોલીસ સ્ટેશન પહોંચ્યા, ત્યારે લોકોએ તેમની કારને ઘેરી લીધી હતી. પ્રદર્શનકારીઓએ તેમને જોઈને 'ચોર, ચોર' ના નારા લગાવ્યા હતા અને ગુસ્સામાં તેમની કાર પર ઈંડા ફેંક્યા હતા. જોકે, ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે આ હંગામા પાછળ ભાજપના કાર્યકરોનો હાથ હતો.

બીજી તરફ, પશ્ચિમ બંગાળના બીરભૂમમાં સ્થાનિક લોકોએ ટીએમસી નેતા ધનંજયને પકડીને ભારે માર માર્યો હતો. આરોપ છે કે ધનંજય લાંબા સમયથી ધાકધમકી આપીને લોકો પાસેથી પૈસા પડાવતો હતો. ગઈકાલે પણ જ્યારે તેણે લોકો પાસે જબરદસ્તીથી પૈસા માંગ્યા, ત્યારે એકઠા થયેલા લોકોએ તેને મેથીપાક ચખાડ્યો હતો.


વિધાનસભા ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. કાઉન્સિલરોથી લઈને સાંસદો સુધીના નેતાઓ હવે બળવાખોર વલણ અપનાવી રહ્યા છે. મમતા બેનર્જીના નજીકના સહયોગી સુખેન્દુ શેખર રોયે પરાજય માટે પક્ષના વડાને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું કે, જો મમતા બેનર્જી 'આર.જી. કર હોસ્પિટલ બળાત્કાર અને હત્યા કેસ' વખતે જ જનતાના ગુસ્સાને સમજી શક્યા હોત, તો પાર્ટી માટે આટલો મુશ્કેલ સમય ન આવ્યો હોત.

## કેરળ વિધાનસભામાં 'વંદે માતરમ' વગાડવા મુદ્દે સરકાર અને રાજ્યપાલ આમને-સામને

તિરૂવનંતપુરમ,તા.૨૯

નવી કેરળ વિધાનસભાના પ્રથમ દિવસે 'વંદે માતરમ' સંપૂર્ણ વગાડવા બાબતે કોંગ્રેસ પ્રેરિત યુડીએફ (UDF) સરકાર અને રાજ્યપાલ કાર્યાલય વચ્ચે વિવાદ ફાટી નીકળ્યો છે. લોકભવને આખું ગીત વગાડવાનો નિર્દેશ આપ્યો હતો, જ્યારે સરકારે ટૂંકું ગીત વગાડવાની જૂની પરંપરા જાળવી રાખી હતી. ભાજપે આ ઘટનાને રાજ્યપાલનું અપમાન ગણાવીને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.






### ૮ સિંહોના મોતના પગલે પરિસ્થિતિ અત્યંત ગંભીર બની

# ૨૨ સિંહોને જસાધાર એનિમલ કેર સેન્ટર ખસેડાયા

અમરેલી,તા.૨૯

અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાની સરહદે આવેલા ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૮ સિંહોના મોત થતાં વન વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે કુલ ૨૨ સિંહોને તાત્કાલિક અસરથી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે આઈસોલેશનમાં રાખવામાં આવ્યા હોવાનું વન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જણાવાયું છે. સિંહોના મોતના ચોક્કસ કારણો જાણવા માટે વન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે તેમના સેમ્પલ ગાંધીનગરની લેબમાં મોકલવામાં આવ્યા છે, જેના રિપોર્ટ આગામી ૨૪ કલાકમાં આવી જવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. સિંહોના મોતના પગલે પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે અને સિંહોમાં સીડીવી એટલે કે કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ જેવા લક્ષણો દેખાતા આ અંગેની તમામ માહિતી કેન્દ્ર સરકાર સુધી પહોંચી ગઈ છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ખાસ જામનગરના ‘‘વનતારા’’ પ્રોજેક્ટના એનિમલ ડોક્ટરો અને ખાસ વન્યજીવ નિષ્ણાતોની એક વિશેષ ટીમ મોડી રાતે પહોંચી હતી. .હાલમાં જસાધાર એનિમલ કેર સેન્ટરમાં સૌથી વધુ સિંહોને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે, કારણ



કે સિંહોના સૌથી વધુ શંકાસ્પદ મોત જસાધાર રેન્જ વિસ્તારમાં જ નોંધાયા છે. હવે ગીરની શાન સમાન આ સિંહોને બચાવવા માટે વન વિભાગ દ્વારા યુધ્ધના ધોરણે કવાયત શરૂ કરી દેવામાં આવી છે. સિંહોની સતત દેખરેખ માટે અનુભવી એનિમલ ડોક્ટરો અને જવાબદાર આઈએફએસ કક્ષાના સિનિયર અધિકારીઓને ચોવીસ કલાક ખડેપગે તૈનાત રાખવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા સત્તાવાર રીતે માત્ર ૮ સિંહોના મોત થયાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ આંકડો ૯ કરતાં પણ વધુ હોઈ શકે છે. બીજી તરફ, વન વિભાગે ગીરના વન્યજીવોના સ્વાસ્થ્યની તપાસ માટે અન્ય અનેક સિંહોના સેમ્પલ લેવાની પ્રક્રિયા પણ તેજ ગતિએ હાથ ધરી છે. આ ગંભીર બીમારીના ફેલાવાને રોકવા માટે રાજ્ય સરકારના કડક આદેશથી તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સિંહોના મોતના સિલસિલાને તાત્કાલિક અટકાવવા માટે ગાંધીનગરથી પીસીસીએફ ભવાની પતી અને સી.એફ. રામ રતન નાલા સહિતના ઉચ્ચ અધિકારીઓની ટીમો ગીર દોડી આવી છે અને સતત ગ્રાઉન્ડ મોનિટરિંગ કરી રહી છે. ગીર વિસ્તારમાં સિંહોમાં જોવા મળેલા આ સંભવિત રોગચાળા સામે રોગ નિયંત્રણ અને શ્રેષ્ઠ સારવારના તમામ ઘનિષ્ઠ પગલાંઓ વન વિભાગ દ્વારા લેવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને વન વિભાગને ખાસ દિશા-નિર્દેશો આપ્યા હતા.

# સાંસદ ભરતભાઈ સુતરીયાએ પોતાના વિસ્તારમાં રેકોર્ડબ્રેક વિકાસના કામો કર્યા

અમરેલી,તા.૨૯

અમરેલી લોકસભા મતવિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા પોતાના વિસ્તારના સર્વાંગી માળખાગત વિકાસ માટે સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ના સમયગાળા દરમિયાન સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત અત્યાર સુધીની સૌથી ઝડપી અને રેકોર્ડબ્રેક કામગીરી નોંધાઈ છે. આ ચાલુ નાણાકીય વર્ષો દરમિયાન સાંસદની સક્રિયતાના કારણે સરકારી ગ્રાંટનો મહત્તમ અને સમયસર ઉપયોગ સુનિશ્ચિત થયો છે. આ બે વર્ષ દરમિયાન મળવાપાત્ર કુલ ૯.૮૦ કરોડ રૂપિયાની ગ્રાંટમાંથી તેમણે રેકોર્ડબ્રેક ૯૯.૯૦ ટકા જેટલી માતબર રકમ એટલે કે ૯.૭૯ કરોડ રૂપિયાના વિવિધ પ્રગતિશીલ વિકાસકામોની દરખાસ્તો રજૂ કરી દીધી છે. આ ભલામણો અંતર્ગત સમગ્ર લોકસભા વિસ્તારમાં કુલ ૨૬૯ જેટલા નાના-મોટા લોકઉપયોગી વિકાસ કામોનો સમાવેશ થાય છે જેમાંથી ૨૬૩ વિકાસકામોને વહીવટી મંજૂરી પણ મળી ગઈ છે. અત્યારસુધીમાં ૧૫૮ જેટલા વિકાસકાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યા છે અને બાકીના કામો હાલ પ્રગતિ હેઠળ છે. આ યોજના હેઠળ રસ્તા, શાળાઓ, આંગણવાડી, સમુદાય ભવન, આરોગ્ય સુવિધાઓ અને પીવાના પાણીની સુવિધા જેવા લોકઉપયોગી કામો થવાથી સ્થાનિક નાગરિકોને સીધો લાભ મળી રહ્યો છે.

# ધારીના ડાંગાવદર ગામે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ) તથા શાંતાબા ગજેરા બ્લડ બેન્ક દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ધારી,તા.૨૯

ધારીના ડાંગાવદર મુકામે વિનોદભાઈ મનસુખભાઈ ટીંબડિયા (લાલો ડાંગાવદર) ના દાદી સ્વ. કાશીબાની ઉત્તરક્રિયા પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ તથા શાંતાબા ગજેરા બ્લડ બેન્ક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ બેન્કનું સફળ




કોર્ડીનેશન દિનેશભાઈ કાપડિયા દ્વારા કરાયું હતું, જેમાં માનવતાવાદી અભિગમ સાથે ૩૦થી વધુ રક્તની બોટલો એકત્રિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમે સાબિત કર્યુ કે પારિવારિક શોકના પ્રસંગમાં પણ સમાજ ઉપયોગી મોટી સેવા કરી શકાય છે. આ પ્રેરણાદાયી પ્રસંગે લાયન્સ ક્લબ સીટી અમરેલીના પૂર્વ પ્રમુખ કિશોરભાઈ શિરોયા, લાયન્સ ક્લબ રોયલના પૂર્વ પ્રમુખ વિજય વસાણી તથા લાયન્સ કલબ રોયલના પ્રમુખ રાકેશ નાકરાણી ખાસ ઉપસ્થિત રહીને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# ગે ડેટીંગ એપથી યુવાનને લૂંટી લેનાર આરોપીઓને ઝડપી પાડતી પોલીસ

અમરેલી,તા.૨૯

મોબાઈલમાં એક નાનકડી ભૂલ અને અજાણી એપ્લિકેશન પર ક્લિક કરવાના કારણે એક યુવાન બ્લેકમેઈલિંગ અને લૂંટની ગંભીર જાળમાં ફસાયો હોવાની ઘટના સામે આવી છે. અમરેલી જિલ્લામાં ગે ડેટિંગ એપ્લિકેશનના બહાને યુવકોને નિશાન બનાવી, ફસાવીને લૂંટ ચલાવતી ગેંગનો અમરેલી તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા છે.આ ઘટના બાદ ફરિયાદીએ હિંમત ભેગી કરી સમગ્ર હકીકત પોતાના શેઠને જણાવી હતી, જેના આધારે આ મામલો અમરેલી તાલુકા



પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. પોલીસ અધિકારી ઓમદેવસિંહ જાડેજાએ સમગ્ર લૂંટ અને બ્લેકમેઈલિંગની ફરિયાદ નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી ગણતરીના કલાકોમાં જ આ ગેંગના તમામ છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. હાલ પોલીસે કોર્ટમાંથી આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મેળવીને આ બાબતે વધુ પૂછપરછ હાથ ધરી છે.

**અમરેલી તાલુકા પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતા ૪ દિવસના રીમાન્ડ મંજૂર**

# અમરેલી શહેરના પેન્શનરો અને સહાયના લાભાર્થીઓએ હયાતીની ખરાઈ કરાવવા અનુરોધ

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરી વિસ્તારમાં વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત સહાય મેળવતા તમામ લાભાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. સરકારી યાદીમાં જણાવ્યા અનુસાર ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય, નિરાધાર વૃધ્ધ સહાય, અપંગ વૃધ્ધ સહાય તેમજ વિધવા સહાય યોજનાનો લાભ લેતા તમામ અરજદારો માટે હયાતીની ખરાઈ એટલે કે ઈ-કેવાયસી કરવાની અનિવાર્ય કામગીરી હાલમાં શરૂ કરી દેવામાં આવી છે.આ પ્રક્રિયાને સમયસર પૂર્ણ કરવા માટે તમામ લાભાર્થીઓએ પોતાના અસલ આધાર કાર્ડ અને ચાલુ મોબાઈલ ફોન સાથે રૂબરૂમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. અરજદારોએ અમરેલી શહેરની મામલતદાર કચેરી, જે જિલ્લા સેવા સદન, રાજમહેલ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી છે, ત્યાં રૂમ નંબર ૭, ૮ અને ૧૩ નો સંપર્ક કરવાનો રહેશે. આ સમગ્ર કામગીરી માટે એક ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી હોવાથી તમામ યોગ્ય લાભાર્થીઓને વહેલી તકે કચેરીની મુલાકાત લઈ પોતાની ખરાઈ કરાવી લેવા મામલતદાર દ્વારા જણાવાયું છે.

# સાંસદ ભરત સુતરીયાના અધ્યક્ષસ્થાને ‘દિશા’ની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA)ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદે કેન્દ્ર સરકાર સંચાલિત વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, લોક ઉપયોગી અભિયાનો અને વિકાસ કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. તેમણે છેવાડાના લાભાર્થીઓ સુધી



યોજનાઓના લાભો પહોંચાડવા અને ભૌતિક સુવિધાઓ વધારવા પર ખાસ ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન અને પીએમ ગ્રામ સડક યોજના સહિતના પ્રકલ્પોની પ્રગતિની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત નાના ઉદ્યોગો માટે સરળ લોન, બીએસએનએલ નેટવર્ક, રેલવે અને રોડ રિસર્ફેસિંગ જેવા સ્થાનિક પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે વિવિધ વિભાગના વડાઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા તેમજ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા ખાતે બે દિવસીય ‘રોકાણ જાગૃતિ કાર્યક્રમ’નું આયોજન કરાયું

બગસરા,તા. ૨૯

બગસરા ખાતે તારીખ ૨૩.૦૫.૨૦૨૬ અને ૨૪.૦૫.૨૦૨૬ ના રોજ બે દિવસીય રોકાણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક યુવા વર્ગ અને સિનિયર સિટિઝન ગ્રુપમાં નાણાકીય જાગૃતિ વધારવા આ કાર્યક્રમ યોજાયો



હતો. જેમાં ‘‘બચત દ્વારા સમૃધ્ધિ’’ અને ‘‘નિવૃત્તિ આયોજન’’ અંતર્ગત લાંબા ગાળાનું સંપત્તિ નિર્માણ, સુરક્ષિત રોકાણ તથા નિવૃત્તિ બાદની આવક અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ આયોજન ફ્રેન્કલિન ટેમ્પલટન ભારત, વેલ્થપોઈન્ટ ફાઈનાન્શિયલ રિસોર્સિસ (અમદાવાદ) અને બગસરાના સ્થાનિક અગ્રણીઓ જેનુદીન મલકણ, કલ્પેશ સગર તથા ભારતેશ ધકાણ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.










# અમરેલી પાલિકા પ્રમુખે વિવિધ શાખાઓનું આકસ્મિક ચેકિંગ કરતા કર્મચારીઓમાં ફફડાટ

અમરેલી,તા.૨૯

અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાએ કાર્યભાર સંભાળ્યા બાદ પાલિકાના વહીવટી તંત્રમાં શિસ્ત અને પારદર્શિતા લાવવા કડક વલણ અપનાવ્યું છે. પ્રમુખ વૈશાલીબેન માગરોળિયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓએ નગરપાલિકા કચેરીની સરપ્રાઈઝ વિઝીટ લઈ વિવિધ શાખાઓનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન કેટલાક કર્મચારીઓ ફરજ પર ગેરહાજર હોવાનું તેમજ કામગીરીમાં બેદરકારી જોવા મળતા પ્રમુખશ્રીએ કડક નારાજગી વ્યક્ત કરી હતી. સાથે જ તમામ કર્મચારીઓને સમયપાલન અને જવાબદારીપૂર્વક કામગીરી કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે નગરપાલિકા પ્રજાની સેવા માટેની સંસ્થા છે અને નાગરિકોના



કામમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે વિલંબ સહન કરવામાં આવશે નહીં. ફરજ દરમિયાન ગેરહાજર રહેલા કર્મચારીઓની યાદી તૈયાર કરી નિયમ મુજબ કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત પાલિકામાં આવતા નાગરિકોને સમયસર અને સરળતાથી સેવા મળે તે માટે તમામ વિભાગોને વધુ જવાબદારીપૂર્વક કાર્ય કરવાની તાકીદ કરવામાં આવી હતી. પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં પણ આવી ઓચિંતી તપાસો ચાલુ રહેશે અને ફરજમાં કચાશ રાખનાર સામે કડક પગલાં લેવામાં આવશે. નગરપાલિકા પ્રમુખ અને પદાધિકારીઓની આ સરપ્રાઈઝ વિઝીટથી પાલિકા કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને વહીવટી તંત્રમાં શિસ્ત લાવવાની કામગીરી વધુ તેજ બની હોવાનું જોવા મળ્યું હતું.

**પ્રમુખની સાથે ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિતના પદાધિકારીઓએ કર્મચારીઓને સૂચના આપી**

# રાજુલામાં GUDCની કરોડો રૂપિયાની કામગીરી સામે કોંગ્રેસે ઉચ્ચસ્તરીય તપાસની માંગ ઉઠાવી

**જવાબદારો સામે તાત્કાલિક પગલા નહી ભરાય તો ઉગ્ર આંદોલનની ચિમકી**

રાજુલા,તા.૨૯

રાજુલા નગરપાલિકા વિસ્તારમાં જીયુડીસી (GUDC) દ્વારા કરોડોના ખર્ચે ચાલતા ભૂગર્ભ ગટર પ્રોજેક્ટ, નલ સે જલ યોજના અને હેન્ડ પંપની કામગીરીમાં ગંભીર ગેરરીતિ અને નબળી ગુણવત્તાના આક્ષેપો ઉઠ્યા છે. આ મામલે અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરુએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે મૂળ કોન્ટ્રાક્ટરે પેટા કોન્ટ્રાક્ટરોને કામ સોંપતા જવાબદારીનો અભાવ વર્તાય છે. ટેન્ડર અને એસ્ટીમેટ મુજબ કામ થતું નથી, ગટર લાઈનો અને ચેમ્બરોની ગુણવત્તા શંકાસ્પદ છે અને રોડ ખોદ્યા બાદ યોગ્ય સમારકામ થતું નથી. આ બેદરકારીથી અકસ્માતનો ભય વધ્યો છે અને લોકોને પાણી તેમજ અવરજવરની મુશ્કેલી પડે છે. ટીકુભાઈ વરુએ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક તપાસ કરીને કડક પગલાં નહીં લેવાય, તો કોંગ્રેસ દ્વારા ઉગ્ર જનઆંદોલન કરવામાં આવશે.

# જનક તળાવીયાના પ્રયાસોથી હરસુરપુર-ખીજડીયા રોડના રીસર્ફેસિંગ માટે રૂ. ૨.૨૦ કરોડ મંજૂર

લાઠી,તા.૨૯

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળસ્વરૂપે લાઠી તાલુકાના હરસુરપુર અને બાબરા તાલુકાના ખીજડીયા જંક્શન ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨.૨૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. હરસુરપુર અને ખીજડીયા જંક્શન ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્યના ધ્યાન પર




આવતા, તેમણે તાત્કાલિક ધોરણે માર્ગ અને મકાન વિભાગમાં રજૂઆત કરી હતી. ધારાસભ્યની રજૂઆતને પગલે મંજૂર થયેલી ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે. આ વિકાસ કાર્યથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે અને તેઓએ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે.

# વડિયા મામલતદાર કચેરી રજાના દિવસે પણ વિદ્યાર્થીઓની હિતમાં ખુલ્લી રહી

વડિયા,તા.૨૯

ગુજરાતની વહીવટી કચેરીઓમાં GSWANની નેટ કનેક્ટિવિટીથી સમગ્ર તંત્રનુ કામ કરવામાં આવે છે. આ નેટ કનેકવીટીમાં કોઈ સમસ્યા ઊભી થાય તો તંત્રની મોટાભાગની કામગીરી ટલ્લે ચડતી જોવા મળે છે. આ સ્થિતિમાં વડિયાની મામલતદાર કચેરીમાં કનેક્ટિવિટીની સમસ્યાથી સમગ્ર તંત્રનું કામ ટાલ્લે ચડતું જોવા મળ્યું હતુ. જેને કારણે વિદ્યાર્થીઓના



વિવિધ દાખલા કઢાવવાની પ્રક્રિયા અટકી હતી.

આથી કાળઝાળ ગરમીમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય અરજદારો હેરાન થતા જોવા મળ્યા હતા. આ બાબતે અરજદારો અને વિદ્યાર્થીઓએ મામલતદાર વાય. એન. બારડને રજુવાત કરતા તેમણે કનેક્ટિવિટી બાબતે પ્રયત્ન કર્યા હતા અને અંતે સાંજના સમયે કનેક્ટિવિટી આવતા ગામડાના અરજદારો અને વિદ્યાર્થી માટે તેમણે ગુરુવારના રોજ બકરી ઈદની જાહેર રજા હોવા છતાં રજાના દિવસે વિદ્યાર્થી અને અરજદારોના હિતમાં કચેરીના તમામ વિભાગો કાર્યરત રાખ્યા હતા. આ તકે અરજદારો અને વિદ્યાર્થીની પણ રજાના દિવસે દાખલા કઢાવતા જોવા મળ્યા હતા.

# અમરેલીમાં બાળ યોગ સમર કેમ્પનું સમાપન

અમરેલી,તા.૨૯

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ તા. ૧૬/૦૫/૨૦૨૬ થી તા. ૩૦/૦૫/૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં "સમર યોગ કેમ્પ – ૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૪ કેન્દ્રો પર નિઃશૂલ્ક યોગ કેમ્પ યોજાયા હતા, જેમાં આશરે ૫૦૦ જેટલા બાળકો



ઉત્સાહભેર ભાગ લીધો હતો. અમરેલીમાં આયોજિત કેમ્પમાં યુવા અગ્રણી મનીષ સંઘાણીએ મુલાકાત લીધી હતી. આ કેમ્પમાં બાળકોને યોગાસન, પ્રાણાયામ, રમતગમત સાથે દિનચર્યા અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# બગસરામાં છેલ્લા ત્રણ દિવસથી BSNLનાં ધાંધિયાથી ગ્રાહકોમાં રોષ

બગસરા,તા.૨૯

બગસરા પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી સરકારી ટેલિકોમ કંપની બી.એસ.એન.એલ. (BSNL)ની મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે બંધ થઈ જતાં સ્થાનિક ગ્રાહકો અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે જયારે કંપની દ્વારા કેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર સુધારો કર્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે જયારે બીજી બાજુ બગસરામાં BSNLનું નેટવર્ક ઠપ્પ થયું છે. મોબાઈલમાં નેટવર્ક બિલકુલ ગાયબ હોવાને કારણે લોકોને કોલ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત, ઈન્ટરનેટ સેવા પણ બંધ હોવાથી ઓનલાઈન કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા છે. હાલના ડિજિટલ યુગમાં બેંકિંગ, ઓનલાઈન પેમેન્ટ (UPI), સરકારી કચેરીઓના કામો તેમજ સ્થાનિક વેપારીઓનો બિઝનેસ સંપૂર્ણપણે નેટવર્ક પર આધારિત છે. BSNL ની સેવા બંધ હોવાના કારણે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અટકી પડ્યા છે, જેનાથી નાના-મોટા વેપારીઓને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. વિદ્યાર્થીઓને પણ ઓનલાઈન અભ્યાસ અને ફોર્મ ભરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક ગ્રાહકોના જણાવ્યા અનુસાર, BSNL ના જવાબદાર અધિકારીઓ કે હેલ્પલાઈન દ્વારા આ ખામી ક્યારે સુધારવામાં આવશે તે અંગે કોઈ ચોક્કસ માહિતી આપવામાં આવી રહી નથી. જો આગામી સમયમાં સેવાઓ શરૂ નહીં થાય તો વેપારીઓ દ્વારા આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# સા.કુંડલા તાલુકા ભાજપને સશક્ત બનાવવા કાર્યશાળા યોજાઈ

સા.કુંડલા,તા.૨૯

સાવરકુંડલા તાલુકા ભાજપ સંગઠનને આંતરિક રીતે વધુ સશક્ત અને વેગવંતું બનાવવા માટે 'અટલધારા' કાર્યાલય ખાતે એક મહત્વપૂર્ણ કાર્યશાળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકપ્રિય ધારાસભ્ય મહેશ કસવાળાના સચોટ માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ વિશેષ કાર્યશાળામાં તાલુકા સ્તરના તમામ પદાધિકારીઓ અને સક્રિય કાર્યકર્તાઓ ખૂબ જ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ વૈચારિક કાર્યશાળા દરમિયાન, ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ આગામી સમયમાં આવનારા વિવિધ સંગઠનાત્મક લોકઉપયોગી કાર્યક્રમોને સંપૂર્ણપણે સફળ બનાવવા માટે દરેક સ્તરે વિસ્તૃત અને સઘન ચર્ચા-વિચારણા કરી હતી.











સંકુલ KG થી ૧૦ પ્રવેશ ચાલુ
ધો. ૯ – ૧૦ ગર્લ્સ સ્કૂલ બપોર
ધો. ૯ – ૧૦ મિશ્ર સ્કૂલ સવાર
ધો. ૯ – ૧૦ EM સ્કૂલ સવાર
ધો. ૬ થી ૮ ગર્લ્સ સ્કૂલ બપોર
ધો. ૬ થી ૮ મિશ્ર સ્કૂલ સવાર
ધો. ૬ થી ૮ EM સ્કૂલ સવાર
ધો. ૬ – ૭ જ્ઞાનશક્તિ ગર્લ્સ સવાર
ધો. ૧ થી ૫ કન્યા કુમાર સવાર
ધો. ૧ થી ૫ કન્યા કુમાર બપોર
ધો. ૧ થી ૫ EM સ્કૂલ સવાર
નર્સરી KG ૧-૨ GM સવાર
નર્સરી KG ૧-૨ GM બપોર
નર્સરી KG ૧-૨ EM સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad084





**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

જન્મ-મરણ કેસ નં.165/2026

પ્રતિ,
શ્રી જયેશભાઈ અરવિંદભાઈ તન્ના,
રહે.ખાંભા, ગામ-ખાંભા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત શેટાયા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ખાંભા ગામના રહીશ તન્ના અરવિંદભાઈ જેરામભાઈ તથા તન્ના તારાબેન અરવિંદભાઈના પુત્ર હિરેન અરવિંદ તન્નાનો જન્મ તારીખ. 10/4/1988 ના રોજ કોડીનાર તાલુકાના શેટાયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત શેટાયા, તાલુકો-કોડીનાર સને 1988 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. 04/06/2026ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.22/05/2026ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




# દામનગરમાં સરદાર સર્કલ પર સ્પીડ બ્રેકર બનાવવાની તાતી જરૂરિયાત

દામનગર,તા.૨૯



દામનગર શહેરના મુખ્ય હાર્દસમા વિસ્તાર એવા સરદાર સર્કલ અને હવેલી પાસેથી અલગ-અલગ વિસ્તારોમાં જવા માટે ચાર રસ્તા આવેલા છે. આ વ્યસ્ત ચાર રસ્તા પરથી દિવસ-રાત નાના-મોટા વાહનો અને લોકોની અવરજવર સતત વધુ રહેતી હોય છે. વહેલી સવારથી લઈને મોડી રાત્રી સુધી અહીં ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, જેના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો થવાનો ભય રહે છે. વાહનોની અનિયંત્રિત ગતિને કારણે રાહદારીઓ અને વાહનચાલકોની સુરક્ષા જોખમાય છે. જો આ ચારેય દિશાના રસ્તાઓ પર યોગ્ય સ્પીડ બ્રેકરો બનાવવામાં આવે, તો વાહનોની ગતિ આપોઆપ ધીમી થઈ શકે તેમ છે. આ ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે અને સંભવિત જીવલેણ અકસ્માતો અટકાવવા માટે સ્થાનિક સત્તાધીશો દ્વારા અહીં તાત્કાલિક ધોરણે સ્પીડ બ્રેકર બનાવવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે. વહીવટી તંત્ર આ બાબતે વહેલી તકે યોગ્ય પગલાં ભરે તે સમયની માગ છે.

# લીલીયા મોટામાં બેંક લોનની છેતરપિંડી કરનાર ફરાર આરોપીને પોલીસે ઝડપી લીધો

લીલીયા,તા.૨૯

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદનના માર્ગદર્શન હેઠળ લીલીયા પોલીસે એક મહત્વની સફળતા મેળવી છે. બેંકમાંથી લોન લીધા બાદ નાણાં ન ચૂકવીને કાયદાથી ભાગતા ફરતા આરોપીઓને પકડવાની ચાલી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. સાળુંકેની સૂચનાથી સ્ટાફે સઘન કામગીરી હાથ ધરી હતી.

આ દરમિયાન લીલીયા કોર્ટના ફોજદારી કેસના કામના આરોપી મેહુલભાઈ વશરામભાઈ ત્રાડ (રહે. ભરવાડ શેરી, લીલીયા મોટા) ને ચોક્કસ બાતમીના આધારે



ઝડપી પાડવામાં આવ્યો છે. આ આરોપીએ બેંક લોન ભરી ન હોવાથી કોર્ટે તેને બે વર્ષની સજા ફટકારી હતી અને તે પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો.ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ ખુમાણ, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ ઈટાળીયા અને પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ માધડની ટીમે આરોપીને પકડી પાડી અદાલતના હુકમથી સીધો જ અમરેલી જિલ્લા જેલ હવાલે કરી દીધો છે.

# અમરેલીમાં કોઈપણ સર્કલને દાનેવ ચોક નામાકરણ કરવા રજૂઆત

અમરેલી,તા.૨૯



અમરેલી શહેરમાં ક્ષત્રિય સમાજ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. સમાજના અગ્રણીઓએ નગરપાલિકાના પ્રમુખ તેમજ ઉપપ્રમુખની રૂબરૂ મુલાકાત લીધી હતી અને તેમને પવિત્ર નાગનાથ મહાદેવનો ફોટો અર્પણ કરીને સન્માનિત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન ક્ષત્રિય સમાજ વતી અમરેલી શહેરના કોઈ પણ એક મુખ્ય સર્કલને 'દાનેવ ચોક' નામ આપવા માટે લેખિત માંગણી કરવામાં આવી છે. આ સાથે જ તે સર્કલ પર પૂજ્ય દાન મહારાજનું ભવ્ય સ્ટેચ્યુ એટલે કે મૂર્તિ મુકવા માટે પણ રજૂઆત કરાઈ છે.

# રાજુલાના જોલાપર ગામના આધેડ સાથે છેતરપીંડી કરી માર માર્યો

**આરોપીએ સાહેદને પણ માર મારી ૪ વાહનો પડાવી લીધા**

અમરેલી,તા.૨૯

રાજુલા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા બિપિનભાઈ મૂળશંકરભાઈ ઓઝા (ઉંમર વર્ષ ૫૦) એ અશોકભાઈ મનસુખભાઈ બાંભણીયા અને વિનુભાઈ ભૂપતભાઈ બાંભણીયા વિરૂધ્ધ છેતરપિંડી અને બળજબરીની ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ ફરિયાદીને ભરૂચના ગાંધાર ગામે મીઠાના અગરમાં વાહનો ભાડે રાખવાની લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. ફરિયાદીએ લોન મેળવીને એક આઈવા ડમ્પર, બે મહિન્દ્રા ટ્રેક્ટર અને એક હિટાચી મશીન ગાંધાર મોકલ્યા હતા.જ્યારે ફરિયાદી અને સાહેદ અશ્વિનભાઈ ભટ્ટ બાકી નીકળતા કુલ રૂપિયા ૪૯,૩૯,૦૦૦ ના ભાડાની ઉઘરાણી કરવા ગાંધાર ગયા, ત્યારે આરોપીઓએ બંનેને ઢોર માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. આ સાથે જ જાનથી મારી નાખવાની ધમકી આપીને ચારેય વાહનો બળજબરીપૂર્વક પડાવી લીધા હતા. આરોપીઓએ વિશ્વાસઘાત, છેતરપિંડી અને એકબીજાને ગુનામાં મદદગારી કરી ગુનો આચર્યો હોવાથી રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.બી.જાનીએ આ અંગે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ધારીના ખોડીયાર ડેમમાં બોટાદના યુવકનું ડૂબી જવાથી કરૂણ મોત

ધારી,તા.૨૯

ધારી નજીક આવેલા પ્રખ્યાત ખોડિયાર ડેમ ખાતે એક અત્યંત આઘાતજનક અને કમનસીબ ઘટના સામે આવી છે, જેમાં એક આશાસ્પદ યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રપ્ત વિગતો અનુસાર, ડેમમાં ડૂબી જવાથી જે યુવકનું મૃત્યુ થયું છે તેની ઓળખ બોટાદના ૨૮ વર્ષીય હરપાલભાઈ શિવકુભાઈ ખાચર તરીકે થઈ છે. આ અકસ્માતની જાણ થતાં જ ધારી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ભારે જહેમત બાદ યુવકને બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ધારી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો, પરંતુ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું. યુવકના ડૂબવાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સ્થાનિક લોકો અને પ્રવાસીઓના મોટા ટોળા ખોડિયાર ડેમ ખાતે એકઠા થઈ ગયા હતા.

**આરોપીઓએ મહિલાઓને ઘસડી ઈજા કરી**

# લાઠીના હાવતડ ગામે દિકરી ભગાડી જવાના મુદ્દે ૨૦ લોકોનો પરિવાર પર હુમલો

લાઠી,તા.૨૯

લાઠી તાલુકાના હાવતડ ગામે રહેતા અને સેન્ટિંગ કામ કરતા પંચાવન વર્ષીય કાળુભાઈ હિરાભાઈ મેવાડાના ઘરે હુમલાની ઘટના સામે આવી છે. આ બનાવની વિગત એવી છે કે ફરિયાદીના ભત્રીજો હિતેષ, આરોપી ભરતભાઈ ભાસ્કરની દીકરીને દામનગરથી ભગાડી ગયો હતો. આ બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓ હરેશ સામંતભાઈ, ભરત ભાસ્કર, પરશોતમ મગનભાઈ સહિત કુલ વીસ જેટલા હથિયારબંધ ઈસમોએ કાયદા વિરૂધ્ધની મંડળી રચી હતી. તમામ આરોપીઓ મોટરસાયકલ પર લાકડાના ધોકા અને લોખંડના પાઈપ સહિત હથિયારો સાથે ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ્યા હતા. તેઓએ ઘરમાં હાજર સભ્યોને બેફામ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલામાં ભરતભાઈ ભાસ્કરે ફરિયાદીના દીકરા ધીરૂભાઈને માથામાં અને ખભા પર ધોકાના ઘા માર્યા હતા, જ્યારે અન્ય અજાણ્યા ઈસમોએ કાજલબહેન અને હંસાબહેનને લોખંડના પાઈપ વડે ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ તેજલબહેનને જમીન પર ઢસડી ઓસરીની ગ્રીલ તોડી નાખી હતી. તેમજ ફરિયાદીના નાનાભાઈ હિંમતભાઈને મારવા પાછળ બાઈક દોડાવી હતી. આ તમામ ઈસમોએ જાનથી મારી નાખવાની ધમકી આપી અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો આચરતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

**ફરીયાદીના દિકરાને માથામાં ખભામાં ધોકાનો માર માર્યો**

# મુંબઈમાં યોજાયેલા લોકડાયરાથી રાજુલાની ગૌશાળાને લાખો રૂપિયાનું દાન મળ્યું

રાજુલા,તા.૨૯


તસવીર : ગોપાલ રાઠોડ

મુંબઈના વિલેપારલે સ્થિત મુકેશ પટેલ ઓડિટોરિયમ ખાતે ૨૪ મે ૨૦૨૬ના રોજ શ્રી રાજુલા પુંજાબાપુ પાંજરાપોળ અને કપોળ વણિક સમાજ દ્વારા ગૌમાતાના લાભાર્થે ભવ્ય લોકડાયરો યોજાયો હતો. અધિક માસના પાવન પર્વે આયોજિત આ ડાયરામાં જાણીતા કલાકારો સાંઈરામ દવે, ધર્મેશ બારોટ અને સુનિલ સોનીએ ભક્તિરસની જમાવટ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. પાંજરાપોળમાં આશ્રિત ૯૨૫ બીમાર અને અશક્ત ગાયોના નિભાવ માટે આ કાર્યક્રમમાં લાખો રૂપિયાનું માતબર દાન એકત્ર થયું હતું. આ પ્રસંગે મુંબઈના અગ્રણીઓ વિનેશભાઈ મહેતા, દીપકભાઈ વોરા સહિત રાજુલાના સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદસ
તા.૩૦-૦૫-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૩૦-૦૫-૨૦૨૬ શનિવાર

મેષ: નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પણ સારી સફળતા મળી શકે છે, પ્રયત્નશીલ રહેજો.લવ લાઈફની સાથે આનંદમય સમય વિતાવી શકશો.

વૃષભ: વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે.

મિથુન: વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. જૂનું દેવુ હશે તો તેમાં ઘટાડો થઈ શકે છે. માતાની સાથે કેટલાંક વૈચારિક મતભેદ થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. તેઓની સલાહ પણ સાંભળજો, સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે.

સિંહ: તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. લવ લાઈફમાં તમારા સન્માનમાં વધારો થઈ શકે છે. સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો આવી શકે છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે મહાપુરૂષો સાથે મેળ ખાઈ રહ્યો છે. નવા કાર્યોમાં કાયદાકીય અને તકનીકી પાસાઓ પર ગંભીરતા પૂર્વક વિચાર કર્યા પછી જ કોઈ નિર્ણય લેજો.

તુલા: આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો તો તમને આત્મસંતોષ મળશે.

વૃશ્ચિક: બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે.

ધન: આજનો દિવસ મિક્સ ફળદાયી છે. તમે તમારી જૂની જવાબદારીઓમાંથી છૂટકારો મેળવી શકો છો. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

મકર: બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચાથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનુ સંપૂર્ણ ધ્યાન રાખજો.

કુંભ: વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે અને તમારા હરીફને તમે પાછળ છોડી શકો છો. પુણ્યના કામોમાં પણ ખર્ચ થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલા લેવાની જરૂર પડી શકે છે.

# વડીયાના મેઘા પીપળીયા ગામના યુવકને ચાવંડના શખ્સે માર માર્યો

**ફરીયાદીના રૂા.૬૦૦૦ પડી જતા તેની પણ લૂંટ ચલાવી નાસી જતા પોલીસ ફરીયાદ નોંધાઈ**

વડીયા,તા.૨૯

વડીયા તાલુકાના મેઘા પીપળીયા ગામના હાર્દિકભાઈ જગુભાઈ બોરીચા દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે. તેઓ પોતાની ફોરવ્હીલ ગાડી (નંબર GJ-૧૬-BK-૪૦૦૪) લઈને ઢસા ગામથી ઘરે પરત ફરી રહ્યા હતા. ચાવંડ ગામે હાઈવે રોડ પર નકળંગ કોઠી આઈસ્ક્રીમની દુકાન પાસે આરોપી મનોજ ડેર (રહે. ચાવંડ, તા. લાઠી) પોતાનું મોટરસાયકલ સામે લાવ્યો હતો. વાહન સામસામે આવી જતાં આરોપીએ ઉશ્કેરાઈને ગાળો આપી હતી.

આરોપી મનોજ તથા ત્યાં હાજર અન્ય ત્રણ અજાણ્યા માણસોએ ભેગા મળીને ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ મુખ્ય આરોપીએ લાકડી વડે હુમલો કરતાં ફરિયાદીના ડાબા હાથની બીજી આંગળી પર ઈજા થઈ હતી. આ ઝપાઝપી દરમિયાન ફરિયાદીના ખિસ્સામાંથી આશરે રૂ.૬૦૦૦/- નીચે પડી જતાં આરોપીએ તે પડાવી લીધા હતા.

આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનામાં એકબીજાની મદદગારી કરી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતા આ મામલે અનાર્મ હેડ કોન્સ્ટેબલ કે.એન.ગરૈયા તપાસ ચલાવી રહ્યા છે.

# લીલીયામાં જાહેરમાં પત્તા ટીંચતા પાંચ શખ્સો ઝડપાયા

લીલીયા,તા.૨૯

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયાની ટીમ દ્વારા જુગારની રેઈડ કરવામાં આવી હતી. આ રેઈડ દરમિયાન લીલીયા ગામના પાંચ ઈસમ મુબારકભાઈ સુમરા, હારૂનભાઈ કોરેજા, ઈકબાલભાઈ સમા, જાકિરભાઈ શિરમાન અને મુસ્તાકભાઈ શીરમાન જાહેરમાં પૈસાની હાર-જીતનો તીનપતીનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા ૩૭૫૦ અને ગંજીપતાના ૫૨ પાના મળી કુલ રૂપિયા ૩૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રેઈડ દરમિયાન ત્રણ આરોપીઓ રંગેહાથ પકડાઈ ગયા હતા, જ્યારે બે આરોપીઓ નાસી જવામાં સફળ રહ્યા હતા. આ તમામ ઈસમો વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# સાવરકુંડલા રૂરલ પોલીસનો જુગારધામ પર દરોડો, પાંચ ઝબ્બે

**બે ફરાર આરોપીઓને ઝડપી પાડવા પોલીસની કવાયત**

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા જાહેરમાં ચાલતા તીનપત્તીના જુગાર પર દરોડો પાડી પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા, જ્યારે બે આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ બચુભાઈ વાઘાભાઈ વાળા, કેસાનાથ બાલાનાથ દાવાણી, અનીલનાથ ન્યાલનાથ માંગરોળીયા, કિશનનાથ મહેશનાથ માંગરોળીયા અને સુનીલનાથ જેસલનાથ માંગરોળીયાની પોલીસે અટકાયત કરી હતી. ભુપતભાઈ દેવાભાઈ માંગરોળીયા તથા અલ્પેશનાથ ઉર્ફે લાલો ભીખાનાથ ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસને સ્થળ પરથી રોકડા રૂ. ૧૦,૨૨૦ તથા ગંજીપત્તાના ૧૦૪ પત્તા મળી આવ્યા હતા. પોલીસે તમામ શખ્સો સામે ગૂનો નોંધી તપાસ શરૂ કરી છે.

# કોર્ટમાંથી કેસ પાછો ખેંચી લેજે કહી શિયાળબેટના યુવાને ધમકી

જાફરાબાદ,તા.૨૯

જાફરાબાદના શિયાળબેટ ગામે રહેતા સાગરભાઈ લાખાભાઈ શિયાળએ આરોપી શીવાભાઈ નગાભાઈ શિયાળ (રહેવાસી શિયાળબેટ, તાલુકો જાફરાબાદ) વિરુધ્ધ કરતી ફરિયાદ નોંધાવી છે. ફરીયાદનમાં જણાવાયું છે કે ભૂતકાળમાં આરોપી અને તેના પરિવારના સભ્યોએ ફરીયાદી તેમજ તેના ભાઈ અજયભાઈને રાજુલાની સરકારી હોસ્પિટલ ખાતે માર મારેલો હતો. જેથી ફરિયાદીએ તારીખ ૨૧/૦૭/૨૦૨૫ ના રોજ આરોપીઓ સામે કુલ ત્રણ ફરિયાદો દાખલ કરી હતી. આ અગાઉના કેસોનું વેર રાખીને, આરોપીએ તારીખ ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ શિયાળબેટ ગામે ફરિયાદીને આંતરીને કોર્ટમાંથી તમામ કેસો પાછા ખેંચી લેવા માટે દબાણ કર્યું હતું. આરોપીએ કોર્ટમાં કોઈ પણ પ્રકારની ગવાહી ન આપવા માટે ફરિયાદીને ધમકાવીને જો કેસ પાછા નહીં ખેંચાય તો ફરિયાદી અને તેના પરિવારના સભ્યોના ટાંટિયા ભાંગી નાખવાની તેમજ તેઓને જાનથી મારી નાખવાની આપવામાં આવતા ફરીયાદીએ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

**જાનથી મારી નાખવાની પણ ધમકી આપતા પોલીસ ફરીયાદ નોંધાઈ**

તંત્રી લેખ

# AIની હરીફાઈ માં શું આપણું રાષ્ટ્ર પછાત છે?

આજે દુનિયામાં વિવિધ પ્રકારની એઆઈ ટૂલ્સ, જેમ કે ChatGPT અને Google Gemini, ચર્ચામાં છે, જ્યારે ભારતની પોતાની કોઈ વૈશ્વિક સ્તરની એઆઈ સિસ્ટમ હજી સુધી વિસ્તૃત સ્તરે ઉપલબ્ધ નથી. તેથી તરત પ્રશ્ન ઊભો થાય છે. શું ભારત ટેકનોલોજીમાં અન્ય દેશોથી પાછળ છે? જો ભારત પાસે ChatGPT જેવી સિસ્ટમ ન હોવા છતાં, એઆઈ ક્ષેત્રમાં તેનો દ્રષ્ટિકોણ અલગ છે અને તે ભવિષ્યમાં વિશ્વના ટેક નકશા પર મહત્વપૂર્ણ સ્થાન મેળવી શકે છે. AI માત્ર સોફ્ટવેર પર આધારિત નથી, તેનો આધાર વિશાળ હાર્ડવેર, ડેટા સેન્ટર્સ અને વીજળીના વ્યવસ્થાપન પર પણ છે. ChatGPT જેવા મોડલને ચલાવવા માટે હજારો GPU સતત કામમાં રહે છે, જે ભારે ગરમી ઉત્પન્ન કરે છે અને યોગ્ય વીજળી ન મળે તો સિસ્ટમ ક્રેશ થઈ શકે છે. AIની સૌથી મોટી નબળાઈ એનું ઊર્જા સંચાલન છે.

અહીં ભારતે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ભારતીય સેમિકન્ડક્ટર સ્ટાર્ટઅપ C2i સેમિકન્ડક્ટર્સે સંપૂર્ણપણે ભારતમાં ડિઝાઈન કરેલી 'સ્માર્ટ પાવર સ્ટેજ ચિપ' સફળતાપૂર્વક ટેપ-આઉટ કરી છે. આ સિધ્ધિ માત્ર ચિપ બનાવવાની ઘટનાઓ નથી, પરંતુ ભારતના ટેકનિકલ આત્મવિશ્વાસનું પ્રતીક છે. વિશ્વ જ્યારે AI મોડલ્સ બનાવવામાં વ્યસ્ત છે, ત્યારે ભારત એ સાધન તૈયાર કરી રહ્યું છે, જે વિના AI કાર્ય અસમ્પૂર્ણ છે.આ ચિપ AI ડેટા સેન્ટર્સમાં વીજળીના પ્રવાહને નિયંત્રિત અને ઑપ્ટિમાઈઝ કરશે. સરળ ભાષામાં કહીએ તો, AIને સતત ચાલતી રાખવા માટે જે શક્તિની જરૂર છે, તેને સ્થિર અને કાર્યક્ષમ બનાવવા આ ચિપ મહત્વપૂર્ણ છે. ભવિષ્યમાં AIનો વ્યાપ વધે ત્યારે આવી ચિપ્સની માંગ પણ વધશે. ભારત હવે માત્ર ટેકનોલોજીનો ગ્રાહક નહીં, પરંતુ તેની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડનાર દેશ બની રહ્યું છે.સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં "ટેપ-આઉટ" એક મહત્વપૂર્ણ તબક્કો છે. તેનો અર્થ એ છે કે ચિપની સંપૂર્ણ ડિઝાઈન તૈયાર થઈ છે અને ઉત્પાદન માટે મોકલાઈ રહી છે. અત્યાર સુધી ભારતનું કામ મુખ્યત્વે અન્ય દેશોની કંપનીઓ માટે ડિઝાઈન સર્વિસ અથવા ચકાસણી પૂરતું મર્યાદિત હતું. પરંતુ હવે ભારતીય ઈજનેરો દ્વારા સંપૂર્ણ સ્વદેશી વિચારથી તૈયાર થયેલી ચિપ વૈશ્વિક સ્તરે ઉત્પાદન માટે જઈ રહી છે.આ સફળતા પાછળ સરકારની નીતિઓ, જેમ કે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન અને ડિઝાઈન લિંકડ ઈન્સેન્ટિવ, પણ મહત્વપૂર્ણ છે. લાંબા સમય સુધી ભારત સોફ્ટવેર હબ તરીકે ઓળખાતું હતું, પરંતુ હવે હાર્ડવેર અને ચિપ ડિઝાઈનમાં પણ તેની હાજરી મજબૂત બની રહી છે. વિશ્વને સમજાયું છે કે ભવિષ્યમાં સેમિકન્ડક્ટર પર જ સમગ્ર ડિજિટલ અર્થતંત્ર ટકશે.આજની ટેક યુધ્ધ ફક્ત એપ્લિકેશનનું નથી; જે દેશ ચિપ્સ બનાવી શકે, ઊર્જા સંચાલન કરી શકે અને ડેટા સેન્ટરો માટે આધાર પૂરો પાડી શકે, તે આવતીકાલના વિશ્વ અર્થતંત્રમાં પ્રભાવશાળી બનશે. ભારત આજે ChatGPT જેવી સિસ્ટમ ન બનાવી રહ્યું, પરંતુ એ વૈશ્વિક AI માટે જરૂરી હૃદય અને શક્તિ તૈયાર કરી રહ્યું છે.

# ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ હવે મફત નહી રહે ! શું સોશિયલ મીડિયાના યુગનો અંત આવશે ?




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

**સોશિયલ મીડિયાના facebook instagram અને whatsapp અત્યાર સુધી મફત વાપરતા હતા પરંતુ હવે આ સેવા મફત નથી રહી તેમાં પણ પૈસા ચૂકવવા પડશે આ વસ્તુ મોટા પાયા પર આજે વાયરલ થઈ રહી છે તો આમાં સાચી હકીકત શું છે તે જાણવું જરૂરી છે. સૌથી પહેલા facebook ની વાત કરીએ.**

છેલ્લા બે દાયકાથી આપણે સોશિયલ મીડિયાને મફત સેવા તરીકે જોઈ રહ્યા છીએ. ફેસબુક પર મિત્રો સાથે વાત કરવી, ઈન્સ્ટાગ્રામ પર ફોટા મૂકવા કે વોટ્સએપ પર મેસેજ કરવા માટે ક્યારેય ખિસ્સામાંથી પૈસા કાઢવા પડ્યા નથી. આખી વ્યવસ્થા જાહેરાતો પર આધારિત હતી. પરંતુ ૨૭ મે, ૨૦૨૬ના રોજ મેટાએ એવી જાહેરાત કરી કે જેણે સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું. કંપનીએ Instagram Plus, Facebook Plus અને WhatsApp Plus નામના પેઈડ પ્લાન વૈશ્વિક સ્તરે લોન્ચ કર્યા. આ જાહેરાત પછી એક મોટો સવાલ ઉભો થયો — શું હવે સોશિયલ મીડિયા પણ સંપૂર્ણપણે પેઈડ બનશે? મેટા દ્વારા રજૂ કરાયેલા નવા સબસ્ક્રિપ્શન પ્લાન સ્પષ્ટ રીતે "ફ્રીમિયમ મોડલ" પર આધારિત છે. Instagram Plus અને Facebook Plusની કિંમત દર મહિને ૩.૯૯ ડોલર રાખવામાં આવી છે, જે ભારતીય ચલણ મુજબ અંદાજે ૩૫૦ રૂપિયા થાય છે. WhatsApp Plusની કિંમત ૨.૯૯ ડોલર એટલે કે લગભગ ૨૮૭ રૂપિયા પ્રતિ મહિને છે. આ ઉપરાંત Meta One Plus અને Meta One Premium નામના બે વિશેષ પ્લાન પણ રજૂ કરાયા છે, જે મુખ્યત્વે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સુવિધાઓ માટે બનાવવામાં આવ્યા છે. Meta One Plusની કિંમત ૭.૯૯ ડોલર અને Premium પ્લાનની કિંમત ૧૯.૯૯ ડોલર પ્રતિ મહિને છે.Instagram અને Facebook Plusમાં એવી સુવિધાઓ આપવામાં આવી છે જે સામાન્ય યુઝર્સને ઉપલબ્ધ નહીં હોય. ઉદાહરણ તરીકે, યુઝર જાણી શકશે કે તેમની સ્ટોરી કોણે કેટલી વખત ફરીથી જોઈ છે. સ્ટોરીને ૨૪ કલાકથી વધુ સમય માટે લાઈવ રાખી શકાશે. કોઈને જાણ ન થાય તેવી રીતે બીજાની સ્ટોરી જોવાની સુવિધા મળશે. ઉપરાંત, પ્રોફાઈલ માટે ખાસ ડિઝાઈન, કસ્ટમ ફોન્ટ અને એનિમેટેડ "સુપર હાર્ટ" રિએક્શન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે. આ સાથે દર અઠવાડિયે સ્ટોરીને "સ્પોટલાઈટ બૂસ્ટ" મળશે, જેના કારણે વધુ લોકો સુધી પહોંચ વધશે. WhatsApp Plusમાં કસ્ટમ થીમ, પ્રીમિયમ સ્ટીકર્સ, અલગ રિંગટોન, વધુ ચેટ પિન કરવાની સુવિધા અને લિસ્ટ કસ્ટમાઈઝેશન જેવા વિકલ્પો આપવામાં આવ્યા છે. ટૂંકમાં કહીએ તો આ બધી સુવિધાઓ કસ્ટમાઈઝેશન, કંટ્રોલ અને એનાલિટિક્સ સાથે સંબંધિત છે.આ જાહેરાત પછી સોશિયલ મીડિયા પર અનેક અફવાઓ ફેલાઈ. ઘણા લોકો કહેવા લાગ્યા કે હવે WhatsApp, Facebook અને Instagram સંપૂર્ણપણે પેઈડ બની જશે. કેટલાક વાયરલ મેસેજમાં તો એવો દાવો પણ કરવામાં આવ્યો કે હવે મેસેજ મોકલવાથી લઈને રીલ્સ જોવા સુધી દરેક સેવા માટે પૈસા ચૂકવવા પડશે.પરંતુ હકીકત અલગ છે. મેટાએ સ્પષ્ટ જણાવ્યું છે કે મૂળભૂત સુવિધાઓ હંમેશા મફત રહેશે. એટલે કે, આજની જેમ મેસેજ કરવું, વીડિયો કોલ કરવો, ફોટા પોસ્ટ કરવું, રીલ્સ જોવી અને સોશિયલ મીડિયા ઉપયોગ કરવો સંપૂર્ણપણે ફ્રી રહેશે. પૈસા ફક્ત વધારાની પ્રીમિયમ સુવિધાઓ માટે લેવામાં આવશે. આ મોડલને "ફ્રીમિયમ મોડલ" કહેવાય છે, જેમાં બેઝિક સેવા મફત અને એડવાન્સ સેવા પેઈડ હોય છે.મેટાનો આ નિર્ણય અચાનક લેવાયો નથી. તેની પાછળ ઘણા આર્થિક અને ટેક્નોલોજીકલ કારણો છે. અત્યાર સુધી મેટાની મોટાભાગની આવક જાહેરાતો પરથી આવતી હતી. પરંતુ Appleની પ્રાઈવસી પોલિસી અને વિશ્વભરમાં કડક થતા ડેટા કાયદાઓના કારણે જાહેરાત આધારિત આવક પર અસર પડી છે. તેથી કંપની માટે આવકનો બીજો સ્ત્રોત શોધવો જરૂરી બની ગયો. બીજું મોટું કારણ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં થઈ રહેલું રોકાણ. મેટા અતિ વિશાળ ડેટા સેન્ટર બનાવી રહી છે અને AI મોડલ ટ્રેન કરવા માટે અબજો ડોલર ખર્ચી રહી છે. આ ખર્ચને સંતુલિત કરવા માટે સબસ્ક્રિપ્શન મોડલ એક મહત્વપૂર્ણ વિકલ્પ બની રહ્યો છે. ત્રીજું કારણ છે "ક્રિએટર ઈકોનોમી". આજના સમયમાં લાખો લોકો Instagram અને Facebook પરથી આવક મેળવે છે. આવા કન્ટેન્ટ ક્રિએટર્સને વધુ એનાલિટિક્સ, વધુ પહોંચ અને પ્રોફેશનલ ટૂલ્સની જરૂર પડે છે. પ્લસ પ્લાન ખાસ કરીને આવા યુઝર્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.વિદ્યાર્થીઓ માટે આ બદલાવને સમજવો ખૂબ જરૂરી છે, કારણ કે આજના સમયમાં મોટાભાગનો સમય સોશિયલ મીડિયા પર પસાર થાય છે. સૌથી મહત્વની વાત એ છે કે સામાન્ય વિદ્યાર્થીઓ અને યુઝર્સને ગભરાવાની જરૂર નથી. જો તમે કોલેજના પ્રોજેક્ટ માટે WhatsApp ગ્રુપ વાપરો છો, મિત્રો સાથે રીલ્સ શેર કરો છો અથવા Facebook પરથી માહિતી મેળવો છો, તો આ બધું પહેલાની જેમ મફત રહેશે.હા, જો તમે કન્ટેન્ટ ક્રિએટર બનવા માંગતા હો, તમારી કોલેજનું સોશિયલ મીડિયા પેજ ચલાવતા હો અથવા નાના બિઝનેસ માટે ડિજિટલ માર્કેટિંગ કરતા હો, તો Plus પ્લાન તમારા માટે ઉપયોગી બની શકે છે. સ્ટોરીના વ્યૂ વધારવા, ઓડિયન્સને સમજવા અને પ્રોફાઈલને વધુ પ્રોફેશનલ બનાવવા માટે આ ટૂલ્સ મદદરૂપ બની શકે છે.પરંતુ એક મહત્વની વાત યાદ રાખવી જરૂરી છે કે સફળતા ફક્ત પેઈડ ટૂલ્સથી મળતી નથી. સારું કન્ટેન્ટ, સર્જનાત્મકતા અને નિયમિતતા વધુ મહત્વ ધરાવે છે.આ નવા મોડલથી "ડિજિટલ ડિવાઈડ" વધવાની શક્યતા પણ છે. જે લોકો દર મહિને ૩૦૦થી ૪૦૦ રૂપિયા ખર્ચી શકે છે, તેઓને વધારાની સુવિધાઓ મળશે, જ્યારે સામાન્ય અથવા આર્થિક રીતે નબળા વર્ગના લોકો પાસે તે સુવિધાઓ ઉપલબ્ધ નહીં હોય. પરિણામે, ઓનલાઈન સ્પર્ધામાં અસમાનતા વધવાની શક્યતા છે.જોકે મેટાનું કહેવું છે કે મૂળભૂત પહોંચ અને સામાન્ય યુઝર અનુભવ બધા માટે સમાન રહેશે.મેટાની આ જાહેરાત પછી લોકોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. ભારતમાં ઘણા યુઝર્સે સોશિયલ મીડિયા પર લખ્યું કે આ ફીચર્સ માટે તેઓ પૈસા ચૂકવવા તૈયાર નથી. કેટલાક લોકોએ તેને "સબસ્ક્રિપ્શન ફેટીગ" ગણાવ્યું, કારણ કે આજકાલ Netflixથી લઈને ન્યૂઝ એપ્સ સુધી દરેક જગ્યાએ સબસ્ક્રિપ્શન મોડલ વધી રહ્યું છે.બીજી તરફ, ટેક્નોલોજી નિષ્ણાતોનું માનવું છે કે આ ભવિષ્યની દિશા છે. જ્યારે કંપની તમને મફત સેવા આપે છે, ત્યારે ઘણીવાર તમારો ડેટા જ પ્રોડક્ટ બની જાય છે. પરંતુ જ્યારે તમે સેવા માટે પૈસા ચૂકવો છો, ત્યારે તમે ગ્રાહક બનો છો અને કંપની તમારી સામે વધુ જવાબદાર બને છે. પેઈડ મોડલથી પ્રાઈવસી વધુ સારી બની શકે અને જાહેરાતો પણ ઓછી થઈ શકે.મેટાનો Plus પ્લાન મફત સોશિયલ મીડિયા યુગનો અંત નથી, પરંતુ નવા યુગની શરૂઆત છે. આ મોડલમાં પસંદગી સંપૂર્ણપણે યુઝરના હાથમાં છે. જેને ફક્ત બેઝિક સેવા જોઈએ છે તેના માટે બધું મફત રહેશે, જ્યારે વધારાની સુવિધાઓ ઈચ્છનાર માટે પેઈડ વિકલ્પ ઉપલબ્ધ રહેશે.ટેક્નોલોજી હંમેશા બદલાતી રહે છે. આજે જે મફત છે તે કાલે પેઈડ બની શકે અને જે આજે પેઈડ છે તે કાલે મફત પણ થઈ શકે. મહત્વનું એ છે કે આપણે બદલાવને સમજીએ, અફવાઓથી દૂર રહીએ અને સાચી માહિતીના આધારે સમજદારીપૂર્વક નિર્ણય લઈએ. કારણ કે ડિજિટલ યુગમાં જાગૃત યુઝર જ સૌથી સુરક્ષિત યુઝર છે.

## શબ્દ સંજોગ-૨૨૦૬



**આડી ચાવી :**
(૧) હાળી ખલવા નીકળેલો માણસ (૩)
(૩) ઉસ્તાદી, આવડત (૪)
(૬) વિષ્ણુ, કૃષ્ણ (૪)
(૭) ન બોલ્યામાં આટલા ગુણ (૨)
(૯) વિદાય કરેલુ (૩)
(૧૧) આકૃતિ, ઘાટ (૩)
(૧૩) અટકાયત, પ્રતિબંધ (૪)
(૧૪) સબબ, હેતુ (૪)
(૧૬) આમીરખાન, મનીષા કોઈરાલાની એક ફિલ્મ (૨)
(૧૮) જીવ, પ્રાણ (૨)
(૨૦) ધિરવુ તે (૩)
(૨૨) શ્રી કૃષ્ણ (૪)
(૨૩) લાય, બળતરા (૨)
(૨૪) પ્રદેશનો માપસર આલેખ (૩)
(૨૬) અહમદશાહે વસાવેલુ એક શહેર (૫)

**ઉભી ચાવી :**
(૧) રાજસ્થાની મિઠાઈ (૩)
(૨) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૩) ચોળવુ તે (૩)
(૪) બાધા, માનતા (૨)
(૫) લહેર, આનંદ (૪)
(૮) લગ્ન પૂર્વેની એક મંગળ વિધિ (૩)
(૧૦) ઉત્કટ ઈચ્છા (૩)
(૧૧) અવર જવર (૬)
(૧૨) સૂર્યનો સારથી (૩)
(૧૩) અમે (૨)
(૧૪) છૂપો જાસૂસ (૩)
(૧૫) સુરતનુ.....,કાશીનું મરણ (૩)
(૧૭) હદ વગરનું (૪)
(૧૯) નર્ક, દોજખ (૩)
(૨૧) વિદ્યાર્થીને ઘર માટે અપાતુ લેશન (૩)
(૨૩) જવાળામુખી માંથી નીકળતો ગરમ રસ (૨)
(૨૫) શોધેલી વસ્તુ (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૫ જવાબ

**આડી ચાવી** : (૧) હાંસડી (૩) અમન (૬) પા (૭) ફળ (૮) ભાવનગર (૧૦) કોકનદ (૧૨) રમત (૧૫) શાન (૧૭) તર (૧૮) ઠીક (૨૧) વાસ (૨૨) રડાર (૨૩) ખંત (૨૪) ફોક (૨૫) હરફ (૨૮) સનદ (૩૦) રવિવાર (૩૧) ગૌરવ (૩૩) હાકલ. **ઉભી ચાવી** : (૧) હાંફ (૨) સળકો (૩) અવદશા (૪) મન (૫) નગર (૮) ભાન (૯) રમતવાત (૧૧) કઢી (૧૩) તરસ (૧૪) કોઠી (૧૬) નગ (૧૯) કરકસર (૨૦) સરહદ (૨૬) ફરક (૨૭) પારસ (૨૯) નવ (૩૧) વિલ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૭૦ | ૧૯૦૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૨ |
| જુવાર સફેદ | ૧૦૦૮ | ૧૦૭૮ |
| જુવાર લાલ | ૮૭૦ | ૧૦૧૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૦૦ | ૪૭૩ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૮૨ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ચણા સફેદ | ૧૧૮૦ | ૧૬૧૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૩૪ |
| મગ | ૧૩૦૦ | ૧૮૧૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૯૩૦ |
| ચોળી | ૯૫૦ | ૧૬૦૦ |
| વટાણા | ૭૦૦ | ૯૪૫ |
| કળથી | ૩૯૫ | ૪૫૦ |
| રાજમા | ૭૦૦ | ૧૩૭૦ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૮૯૦ |
| મગફળી જાડી | ૧૩૧૦ | ૧૬૭૦ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૮૬૬ |
| તલી | ૧૮૭૫ | ૨૨૫૦ |
| સુરજમુખી | ૮૦૧ | ૮૦૧ |
| એરંડા | ૧૧૭૫ | ૧૩૧૭ |
| અજમો | ૧૫૦૦ | ૨૨૮૦ |
| સુવા | ૧૦૫૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૫૫૬ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૮૦૦ |
| કાળા તલ | ૨૧૨૧ | ૩૫૫૦ |
| લસણ | ૯૨૦ | ૧૫૪૦ |
| ધાણા | ૨૨૪૦ | ૨૪૫૦ |
| ધાણી | ૨૩૧૦ | ૨૬૬૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૮૨૦ |
| રાય | ૧૩૪૦ | ૧૭૪૦ |
| મેથી | ૧૧૧૦ | ૧૬૯૬ |
| ઇસબગુલ | ૧૧૬૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૯૭૦ | ૯૭૦ |
| કલોંજી | ૨૬૨૫ | ૩૪૧૦ |
| રાયડો | ૧૨૪૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૬૯૦૦ |
| ગુવારનું બી | ૧૦૨૫ | ૧૧૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૧૪ | ૫૨૭ |
| લીંબુ | ૧૦૫૫ | ૨૦૭૬ |
| સાકરટેટી | ૧૪૩ | ૩૦૭ |
| તરબુચ | ૧૧૨ | ૨૧૩ |
| પપૈયા | ૮૬ | ૧૬૯ |
| બટેટા | ૧૦૫ | ૨૮૫ |
| ડુંગળી સુકી | ૭૩ | ૩૬૧ |
| ટમેટા | ૨૮૬ | ૬૦૭ |
| સુરણ | ૮૪૨ | ૧૦૩૫ |
| કોથમરી | ૬૧૯ | ૮૨૭ |
| રીંગણા | ૧૦૭ | ૨૪૮ |
| કોબીજ | ૮૯ | ૧૫૬ |
| ફ્લાવર | ૩૪૨ | ૬૫૭ |
| ભીંડો | ૨૨૬ | ૪૪૩ |
| ગુવાર | ૩૮૬ | ૭૭૫ |
| ચોળાસીંગ | ૩૯૩ | ૭૫૨ |
| ટીંડોળા | ૪૧૩ | ૮૨૧ |
| દુધી | ૧૨૩ | ૨૦૭ |
| કારેલા | ૨૯૬ | ૪૫૭ |
| સરગવો | ૩૦૩ | ૬૧૮ |
| તુરીયા | ૫૧૧ | ૬૮૬ |
| પરવર | ૪૪૩ | ૬૫૪ |
| કાકડી | ૨૭૬ | ૪૬૨ |
| ગાજર | ૨૮૨ | ૪૯૩ |
| વટાણા | ૧૧૩૯ | ૧૩૭૭ |
| ગલકા | ૨૧૮ | ૩૪૧ |
| બીટ | ૨૧૩ | ૪૨૨ |
| મેથી | ૬૦૧ | ૮૧૧ |
| ડુંગળી લીલી | ૪૫૬ | ૬૮૪ |
| આદુ | ૧૪૨૫ | ૧૬૪૭ |
| મરચા લીલા | ૪૭૩ | ૬૫૯ |
| મકાઇ લીલી | ૨૩૫ | ૪૮૨ |
| ગુંદા | ૩૫૩ | ૫૫૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૭૧ | ૧૮૫૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૭૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૬ | ૧૩૧૬ |
| કલંજી | ૧૩૦૧ | ૩૩૮૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૫૭૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૩૧ |
| ડુંગળી લાલ | ૭૬ | ૪૦૧ |
| અડદ | ૧૦૭૬ | ૧૬૧૧ |
| તુવેર | ૮૦૦ | ૧૫૩૧ |
| રાયડો | ૧૨૭૧ | ૧૪૦૧ |
| રાય | ૧૧૭૧ | ૧૪૫૧ |
| મેથી | ૮૭૬ | ૧૩૯૧ |
| મરચા | ૧૬૦૧ | ૪૯૦૧ |
| સફેદ ચણા | ૧૦૮૬ | ૧૬૮૧ |
| તલ - તલી | ૧૭૨૬ | ૨૩૮૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૭૧૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૮૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૧૦ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૬૧૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૮૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૪૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૯૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૨૫૦ | ૩૦૦ |
| alavipan | ૫ | ૧૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૫ |
| બીટ પુરા | ૫ | ૮ |
| સરગવો પુરા | ૮ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૨૫ | ૧૯૬૦ |
| શિંગ મઠડી | ૯૮૦ | ૧૧૬૦ |
| શિંગ મોટી | ૯૪૫ | ૧૪૫૦ |
| શિંગદાણા | ૧૩૫૦ | ૧૯૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૩૫ |
| તલ સફેદ | ૧૧૭૫ | ૨૫૭૦ |
| તલ કાળા | ૨૧૭૦ | ૩૬૫૦ |
| તલ કાશમીરી | ૨૨૮૦ | ૨૨૮૦ |
| બાજરો | ૪૦૦ | ૪૫૫ |
| જુવાર | ૪૪૦ | ૯૨૫ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૮૫ |
| મગ | ૯૦૦ | ૧૭૦૫ |
| અડદ | ૧૨૨૦ | ૧૬૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૫ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૭૫ |
| છોલે ચણા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ચોળી | ૧૨૪૦ | ૧૪૪૫ |
| તુવેર | ૯૦૦ | ૧૫૮૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૯૯૦ |
| રાય | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ગમ ગુવાર | ૯૭૫ | ૯૭૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૩૯૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| અજમા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૯૯૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૪૭૫ |
| વરીયાળી | ૧૨૦ | ૧૨૩૦ |
| કાંગ | ૫૦૦ | ૫૫૫ |
| કલંજી | ૧૬૦૦ | ૩૧૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૧૦ |
| કોબીજ | ૧૬૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૫૦ |
| ટમેટા | ૬૪૦ | ૭૦૦ |
| સુરણ | ૭૮૦ | ૯૨૦ |
| ગાજર | ૫૦૦ | ૬૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૬૩૦ |
| ગલકા | ૨૦૦ | ૩૨૦ |
| કાચીકેરી | ૭૫૦ | ૧૦૫૦ |
| કાકડી | ૩૦૦ | ૫૩૦ |
| ગુવાર | ૫૫૦ | ૯૦૦ |
| પોંકીકેરી | ૮૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૧૫૫૦ | ૧૬૨૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૩૬૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૭૨૦ | ૮૫૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૩૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૫૫૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૫૨૦ | ૭૨૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૩૬૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૧૫૦ |
| પાલક | ૪૫૦ | ૫૩૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૩૧૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૦૩ |
| શીંગ જીણી | ૧૨૩૫ | ૧૬૩૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૮૫ |
| શીંગ દાણ | ૧૩૦૦ | ૧૭૫૦ |
| તલ | ૨૦૦૦ | ૨૪૨૧ |
| તલ કાળા | ૨૬૭૫ | ૩૬૧૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| જુવાર | ૫૦૦ | ૧૦૧૦ |
| મકાઈ | ૩૦૦ | ૫૧૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૨૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૭૧ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૧૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ઘઉં | ૪૩૯ | ૪૪૨ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૫ |
| તુવેર | ૧૩૬૦ | ૧૩૭૫ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૧૭૫૦ | ૨૭૧૦ |
| મગ | ૧૫૬૫ | ૧૫૭૫ |
| શીંગ ફાડા | ૧૪૯૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૨૩૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૫૧ |
| મગફળી | ૮૬૦ | ૧૧૯૫ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૪૫૯ |
| જુવાર | ૭૦૫ | ૭૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ચણા | ૮૨૦ | ૧૧૩૨ |
| ચાણ સફેદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| જીરૂ | ૨૮૧૦ | ૨૮૧૦ |
| મેથી | ૧૦૧૫ | ૧૨૧૫ |
| મગ | ૧૪૩૮ | ૧૬૫૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૪૧ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૧૫ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૧૯૦ | ૨૪૦૦ |
| શીંગદાણા | ૧૬૩૦ | ૧૬૩૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૨૯૭૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૧૮ |
| કપાસ જુનો | ૧૫૧૦ | ૧૫૯૫ |
| મગફળી | ૧૨૩૦ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૫૪૫ | ૨૨૩૫ |
| તલ કાળા | ૨૮૪૫ | ૩૨૭૫ |
| જીરૂ | ૨૬૮૦ | ૩૬૭૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૧૯૫ |
| તુવેર | ૧૦૮૫ | ૧૪૦૫ |
| ધાણા | ૧૫૬૦ | ૨૪૩૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૫૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૬૬ |
| બાજરો | ૩૧૬ | ૩૧૬ |
| જુવાર | ૮૦૬ | ૮૦૬ |
| મગ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૧૬ |
| અળદ | ૧૦૯૧ | ૧૦૯૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૫૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૯૬ |
| શિંગફાડા | ૧૪૦૧ | ૧૭૧૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૨૬૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૨૮૯૬ |
| કલંજી | ૧૬૦૧ | ૩૧૯૬ |
| મેથી | ૭૦૧ | ૧૧૯૬ |
| જીરૂ | ૩૬૪૧ | ૩૬૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૮૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૪૫૬ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૮૧ | ૧૮૮૮ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૨૫૦ | ૧૫૨૧ |
| શીંગ ગીરનારી | ૧૩૧૧ | ૧૪૨૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૭૨ |
| જુવાર | ૪૦૦ | ૧૦૧૫ |
| બાજરી | ૩૪૧ | ૫૬૭ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૩૧ |
| મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૨૭૪ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી લાલ | ૬૮ | ૩૫૮ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૩૦૮ |
| કપાસ શંકર | ૧૦૭૫ | ૧૭૦૦ |
| નાળીયેર | ૭૪૦ | ૨૮૩૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૮૪ |
| મગફળી નવી | | |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૪૮૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૧ |
| રાય | ૧૨૭૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૪૦૬ |
| જુવાર | ૭૫૦ | ૯૭૫ |
| ચોળી | ૧૧૦૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| સફેદ તલ | ૧૬૦૦ | ૨૩૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૪૫૪ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૧૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૬૪૨ | ૧૮૭૧ |
| મગફળી | ૧૧૫૧ | ૧૩૫૦ |
| ચણા | ૧૧૧૯ | ૧૧૩૦ |
| જુવાર સફેદ | ૯૦૭ | ૯૧૬ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૨૪૧૫ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૦૦૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ઘઉં | ૩૯૧ | ૪૨૫ |
| એરંડા | ૧૨૦૨ | ૧૨૦૨ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૫૨૦ | ૧૫૨૦ |
| રાય | ૧૧૩૧ | ૧૧૩૧ |
| મેથી | ૧૨૬૧ | ૧૨૬૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૭૦ | ૯૯૫ |
| બાજરો | ૩૦૦ | ૪૭૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૭૧ |
| મગ | ૧૩૫૦ | ૧૭૫૦ |
| અડદ | ૧૦૬૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ચોળી | ૧૧૫૫ | ૧૬૦૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૪૧ |
| તલ | ૧૫૦૦ | ૨૩૩૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૩૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૧૪ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૪૦ |
| લસણ | ૮૮૦ | ૧૮૦૦ |
| કપાસ | ૭૨૫ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૧૫ |
| અજમો | ૧૦૦૦ | ૩૨૬૫ |
| અજમા ની ભૂસી | ૩૦ | ૨૩૭૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૪૨૫ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૦૩૫ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૩૨૦ |
| વટાણા | ૩૩૫ | ૬૯૫ |
| કલોંજી | ૭૦૦ | ૩૩૩૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૫૧ | ૧૩૭૨ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૨૩૫૧ | ૩૦૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૫૦ |
| બાજરો | ૩૪૬ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૪૮૧ |
| જુવાર | ૩૯૩ | ૧૦૪૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| મગ | ૧૪૦૧ | ૧૬૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૩૧ |
| તુવેર | ૮૦૦ | ૧૨૩૧ |
| ચણા | ૬૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૦૭૧ | ૩૦૭૧ |
| એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૩૦૦ |
| મેથી | ૧૨૦૧ | ૧૨૦૨ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૩૬૨ |
| રાય | ૧૨૦૦ | ૧૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પિંપરી ચિંચવડમાં ઝેરી દારૂ પીવાથી ૧૫ના મોત થતા સીએમ ફડણવીસે આપ્યા તપાસના આદેશ



મુંબઈ, તા.૨૯

પિંપરી ચિંચવડ શહેરમાં ઝેરી દારૂ પીવાના કારણે ૧૫ લોકોના મોત નીપજ્યા છે અને ત્રણ લોકો હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે આ ઘટનાની પુષ્ટિ કરી છે. શરૂઆતમાં પોલીસ આ ઘટનાને કુદરતી મૃત્યુ ગણાવી રહી હતી, જેના કારણે તેમની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. હાલમાં ડેપ્યુટી પોલીસ કમિશનર સંદીપ અટોલેએ ૧૫ મોતોની પુષ્ટિ કરી છે અને આ મામલે આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવીને કડક તપાસના આદેશ આપ્યા છે. તેમણે પુણે અને પિંપરી ચિંચવડ પોલીસ કમિશનરોને પરસ્પર સંકલન સાધીને સંબંધિત સ્થળો પર દરોડા પાડવા નિર્દેશ આપ્યો છે. આ તપાસમાં એક્સાઈઝ વિભાગને પણ સામેલ કરાયો છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે, 'આ ઝેરી દારૂના નેટવર્કને જડમૂળથી ઉખાડી ફેંકવામાં આવશે અને આ ગુનામાં સામેલ કોઈપણ દોષિતને બક્ષવામાં આવશે નહીં.'

# આરબીઆઈનો અંદાજ: નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ભારતનો જીડીપી વૃધ્ધિ દર ૬.૯% રહેશે




નવી દિલ્હી, તા.૨૯

પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને વૈશ્વિક તણાવ છતાં, મજબૂત સ્થાનિક માળખાકીય સુવિધાઓને કારણે ભારતીય અર્થતંત્ર પોતાની મજબૂતાઈ જાળવી રાખશે. ભારતીય રિઝર્વ બેંકે (RBI) તેના વાર્ષિક અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીડીપી વૃધ્ધિ દર ૬.૯% રહેવાનો અંદાજ લગાવ્યો છે. જોકે, ફુગાવાના કારણે વપરાશ ધીમો પડે તો વિકાસ દર પર અસર પડી શકે છે. કોર્પોરેટ અને બેંકિંગ ક્ષેત્રની મજબૂત બેલેન્સ શીટ તથા સરકારનો મૂડી ખર્ચ આ વૃધ્ધિને ટેકો આપશે. અહેવાલ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફુગાવાનો દર ૪.૬% રહેવાની ધારણા છે, જે અગાઉના વર્ષના ૨.૧% કરતા વધુ છે. વૈશ્વિક ઈંધણ અને કોમોડિટીના ભાવ વધારાથી ફુગાવાનું જોખમ વધી શકે છે. રાજકોષીય મોરચે, સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજકોષીય ખાધનો લક્ષ્યાંક જીડીપીના ૪.૩% નક્કી કર્યો છે. સાવચેતીના પગલારૂપે, એપ્રિલ ૨૦૨૬માં આરબીઆઈની નાણાકીય નીતિ સમિતિએ (MPC) રેપો રેટ ૫.૨૫% પર યથાવત રાખીને પોતાનું વલણ 'તટસ્થ' રાખ્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે મજબૂત સ્થાનિક માંગ જ ભારતની વૃધ્ધિનું મુખ્ય ચાલક બળ બનશે.

# મ્યાનમારના રાષ્ટ્રપતિ મિન આંગ ૩૦ મેથી ભારતની મુલાકાતે આવશે

નવી દિલ્હી, તા.૨૯

મ્યાનમારના નવ-નિયુક્ત રાષ્ટ્રપતિ મિન આંગ ૩૦ મેથી ૩ જૂન, ૨૦૨૬ દરમિયાન ભારતની ચાર દિવસીય સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર યોજાનારી આ મુલાકાત રાષ્ટ્રપતિ મિન આંગની વર્તમાન પદ પર પ્રથમ ભારત યાત્રા છે.

તેઓ ૧ જૂને નવી દિલ્હીમાં પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે, જેમાં બંને દેશો વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને મજબૂત કરવા પર ચર્ચા થશે. પ્રવાસ દરમિયાન તેઓ ૩૦ મેના રોજ બિહારના બોધગયાની અને ૨ જૂને મુંબઈની મુલાકાત લઈને વેપારી કાર્યક્રમોમાં ભાગ લેશે. ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' અને 'એક્ટ ઈસ્ટ' નીતિ હેઠળ આ મુલાકાત બહુપક્ષીય સંબંધોને નવી ગતિ આપવા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# નીટ યુજી પરીક્ષામાં સુધારા માટે ૧૦૧ ભલામણો: એનટીએનું સુપ્રીમમાં સોગંદનામું




નવી દિલ્હી, તા.૨૯

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ (NTA) નીટ યુજી પરીક્ષાને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે મોટા પગલાં લીધાં છે. ઈસરોના ભૂતપૂર્વ વડા ડૉ. કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતાવાળી સમિતિએ એનટીએની પરીક્ષા પ્રણાલી અને ડેટા સુરક્ષામાં સુધારો કરવા માટે ૧૦૧ સૂચનો કર્યા છે, જેની વિગતો સુપ્રીમ કોર્ટમાં દાખલ સોગંદનામામાં આપવામાં આવી છે. સોગંદનામા અનુસાર, પરીક્ષા કેન્દ્રોની સુરક્ષા વધારવા માટે વર્ષ ૨૦૨૬માં ૯૯.૫% થી વધુ કેન્દ્રો સરકારી સંસ્થાઓમાં રાખવામાં આવ્યા હતા. ઓળખ સુનિશ્ચિત કરવા બાયોમેટ્રિક ચકાસણી, સીસીટીવી અને જામર જેવી બહુસ્તરીય સિસ્ટમ લાગુ કરાઈ છે. સંસ્થાને મજબૂત કરવા આઈઆઈટી અને યુજીસીના નિષ્ણાતોની ભરતી કરવામાં આવી રહી છે. જોકે, નીટ યુજીને સંપૂર્ણપણે ઓનલાઈન કરવા અને વય મર્યાદા નક્કી કરવા જેવા મુદ્દાઓ પર અંતિમ નિર્ણય આરોગ્ય મંત્રાલય સાથેની ચર્ચા બાદ લેવામાં આવશે.

# લખનૌમાં સિગારેટ બાબતે વિવાદ થતા ભાજપ યુવા મોરચાના નેતાની પથ્થરો મારી હત્યા

લખનૌ, તા.૨૯

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના વિભૂતિખંડ વિસ્તારમાં ક્લબની બહાર સિગારેટ પીવા બાબતે થયેલા વિવાદમાં ભાજપ નેતાની નિર્મમ હત્યા કરવામાં આવી છે. મૃતક શિવમ સિંહ અયોધ્યા ભાજપ યુવા મોરચા જિલ્લા સમિતિનો સભ્ય હતો. અહેવાલો અનુસાર, જલવા ક્લબની બહાર શિવમ પાસે કેટલાક યુવાનોએ સિગારેટ માંગી હતી. એક સિગારેટ આપ્યા બાદ બીજી માંગવા બાબતે ઝઘડો થયો હતો. આ વિવાદ વકરતા બદમાશોએ શિવમ પર ઈંટો અને પથ્થરો વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ થતાં તેને હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. અન્ય એક ઘટનામાં, તાલકટોરા વિસ્તારમાં પણ એક યુવકને બેલ્ટ વડે જાહેરમાં માર મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

# હનુમાનગઢમાં ખેડૂતોએ ઘઉં ખરીદીની મુદત વધારવા રોડ બ્લોક કરી વહીવટી તંત્રનો ઘેરાવ કર્યો



સુરતગઢ, તા.૨૯

ટેકાના ભાવે ઘઉં ખરીદીની સમયમર્યાદા લંબાવવા અને બારદાન (બોરીઓ) પૂરા પાડવાની માંગ સાથે પીલીબંગામાં ખેડૂતોએ સુરતગઢ રોડ પર ગાદલા નાખીને રસ્તો બંધ કર્યો છે. બે દિવસથી એસડીએમ ઓફિસ સામે ધરણા પર બેઠેલા ખેડૂતો અને વહીવટીતંત્ર વચ્ચેની વાટાઘાટો નિષ્ફળ રહી છે. પ્રશાસને ૭૫,૦૦૦ બોરીઓ આપવાનું વચન આપ્યું હતું, જ્યારે ખેડૂતો ૮ લાખ બોરીઓની માંગ કરી રહ્યા છે.

ચાલુ વર્ષે ઘઉંના વાવેતરમાં ૬% નો વધારો થતાં બજારોમાં મોટો જથ્થો વણવેચાયેલો પડ્યો છે. જિલ્લામાં ખરીદીનો લક્ષ્યાંક ૭.૫૨ લાખ મેટ્રિક ટન હતો, જેમાંથી ૯૦% ખરીદી થઈ ચૂકી છે. જોકે, બોરીઓની અછત અને સ્લોટ બુકિંગની ખામીઓને કારણે ખેડૂતો પરેશાન છે. ખેડૂત અને વેપારી સંગઠનો ખરીદીની મુદત ૩૦ જૂન સુધી લંબાવવાની માંગ કરી રહ્યા છે. ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો આરપારની લડાઈ ચાલુ રહેશે.

# યુપીના હમીરપુરમાં નિર્માણધીન પુલનો સ્લેબ ધરાશાયી થતા ૬ના મોત



હમીરપુર,તા.૨૯

ઉત્તર પ્રદેશના હમીરપુરમાં બેતવા નદી પરના નિર્માણાધીન પુલનો સ્લેબ ગઈ મોડીરાત્રે ૨ વાગ્યે તૂટી પડ્યો. આ અકસ્માતમાં ૬ કામદારોના મોત થયા. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF)એ કાટમાળમાં ફસાયેલા ત્રણ કામદારોને બચાવ્યા. સાડા સાત કલાક સુધી રેસ્ક્યૂ ઓપરેશન ચાલ્યું હતુ. ઉત્તર પ્રદેશ બ્રિજ કોર્પોરેશનના એમડી ધર્મવીર સિંહે જણાવ્યું હતું કે વાવાઝોડું અને વરસાદને કારણે સ્લેબ તૂટી પડ્યો હતો, જેના કારણે કામદારો નીચે દટાઈ ગયા હતા. અકસ્માતની તપાસ કરવામાં આવશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગઈકાલે મોડી રાત્રે હમીરપુરમાં ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું. આ અકસ્માત શહેરથી ૨૫ કિમી દૂર લાલપુરા વિસ્તારમાં થયો હતો. મૃતકોમાંથી ચાર બાંદાના અને બે હમીરપુરના હતા. SDRF અધિકારીઓએ જણાવ્યું હતું કે રાત્રે ૨:૩૦ વાગ્યે શરૂ થયેલ રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ થયું છે, પરંતુ અન્ય કોઈ કામદારો ફસાયા ન રહે તે માટે સાવચેતી રૂપે કાટમાળ હજુ પણ હટાવવામાં આવી રહ્યો છે. સીએમ યોગીએ અકસ્માતમાં જીવ ગુમાવનારા કામદારોના પરિવારજનોને રૂ.૫ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે. ઘાયલોને રૂ.૫૦,૦૦૦ આપવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

**કૌશિક વેકરીયાના પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય**

# અમરેલી અને વડીયામાં બે નવી સરકારી માધ્યમિક શાળાઓને મંજૂરી

**ઉર્જા રાજયમંત્રીએ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીનો આભાર વ્યકત કર્યો**



અમરેલી,તા.૨૯

ગુજરાત સરકાર દ્વારા અમરેલી વિધાનસભા વિસ્તારમાં બે નવી સરકારી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીની લાગણી વ્યાપી છે. રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયાસોથી અમરેલી શહેર અને વડીયા ખાતે નવી શાળાઓ શરૂ થવાના નિર્ણયથી હવે હજારો વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારની નજીક ગુણવત્તાસભર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરવાની સુવિધા મળશે. અત્યાર સુધી ધોરણ-૮ પછી અનેક વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે દૂરના વિસ્તારોમાં જવું પડતું હતું, જેના કારણે પરિવહન, સમય અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવી શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓને નજીકમાં જ શિક્ષણની સગવડ ઉપલબ્ધ બનશે અને વાલીઓમાં પણ વિશ્વાસનો માહોલ મજબૂત બનશે.આ નિર્ણયથી લાંબા સમયથી ઉઠતી લોકલાગણીને પણ યોગ્ય પ્રતિસાદ મળ્યો છે. શિક્ષણપ્રેમીઓ, સ્થાનિક આગેવાનો અને જનપ્રતિનિધિઓ દ્વારા સતત રજૂઆતો કરવામાં આવતી હતી. રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે શાળા માત્ર ઈમારત નથી, પરંતુ ભવિષ્યની પેઢીના સપનાઓને નવી દિશા આપતું કેન્દ્ર છે. તેમણે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ મંત્રી પ્રધ્યુમનસિંહ વાજાનો આ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ભારત-ઓસ્ટ્રેલિયા ઈન્ડો-પેસિફિકમાં ચીનનો સામનો કરવા સંરક્ષણ ભાગીદારી વધારશે



નવી દિલ્હી, તા.૨૯

ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા પ્રભાવ વચ્ચે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વ્યૂહાત્મક સંબંધો ઝડપથી મજબૂત થઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનીઝે સંસદમાં ભારતના આર્થિક વિકાસની પ્રશંસા કરી અને પીએમ મોદીની ઓસ્ટ્રેલિયા મુલાકાત અંગે આતુરતા દર્શાવી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરવા આગામી સપ્તાહે ઓસ્ટ્રેલિયાના નાયબ વડાપ્રધાન અને સંરક્ષણ મંત્રી રિચાર્ડ માર્લ્સ ભારત આવશે. બંને દેશો આંદામાન અને કોકોસ ટાપુઓ જેવા વ્યૂહાત્મક મથકોનો ઉપયોગ કરીને નૌકાદળની પહોંચ વધારવા, રિયલ-ટાઈમ માહિતી શેર કરવા અને વૈશ્વિક વેપારી માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પરસ્પર સહયોગ વધારી રહ્યા છે.

# યુએસ અને ઈરાન વચ્ચે ૬૦ દિવસ માટે યુદ્ધવિરામ લંબાવવા પર સહમતિ



વોશિંગ્ટન,તા. ૨૯

એક અમેરિકન અધિકારીના જણાવ્યા અનુસાર, યુએસ અને ઈરાની વાટાઘાટકારો ૬૦ દિવસ માટે યુધ્ધવિરામ લંબાવવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટો ફરી શરૂ કરવા માટે વ્યાપક કરાર પર પહોંચ્યા છે. આ સમજૂતી કરારને હજુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અંતિમ મંજૂરી મળવાની બાકી છે. આ અહેવાલ સૌપ્રથમ ન્યૂઝ આઉટલેટ એક્સિઓસ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

બંને પક્ષો વચ્ચેનો આ વ્યાપક કરાર એવા સમયે થયો છે જ્યારે દ્વિપક્ષીય તણાવના કારણે યુધ્ધવિરામ નાજુક તબક્કામાં છે.

તાજેતરમાં કુવૈતે ઈરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોને તોડી પાડી હતી, જેને અમેરિકાએ "યુધ્ધવિરામનું સ્પષ્ટ ઉલ્લંઘન" ગણાવ્યું છે. બીજી તરફ, ઈરાને દાવો કર્યો છે કે તેણે ગલ્ફ દેશમાં આવેલા અમેરિકી સૈન્ય બેઝ અને હોર્મુઝ સ્ટ્રેટ નજીક અગાઉ થયેલા હુમલાના બદલામાં આ કાર્યવાહી કરી હતી. આ વિવાદો વચ્ચે પણ યુદ્ધવિરામ લંબાવવાનો નિર્ણય વૈશ્વિક સ્તરે રાહત લાવનારો સાબિત થઈ શકે છે.

# પાકિસ્તાનના બલુચિસ્તાનમાં થયેલા ગોળીબારમાં પાંચ લોકોની હત્યા



ઈસ્લામાબાદ, તા.૨૯

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં ધોળા દિવસે બનેલી એક હિંસક ઘટનામાં અજાણ્યા હુમલાખોરોએ પાંચ લોકોની ગોળી મારીને હત્યા કરી દીધી છે. બલુચિસ્તાનના હરનાઈ જિલ્લામાં સશસ્ત્ર બદમાશોએ નકલી ચેકપોસ્ટ બનાવીને પસાર થતા લોકોના ઓળખપત્રો તપાસવાનું શરૂ કર્યું હતું. સ્થાનિક લોકોએ આ ચેકિંગનો વિરોધ કરતાં ઉગ્ર દલીલો થઈ હતી, જેના પરિણામે હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં જમિયત ઉલેમા-એ-ઈસ્લામના નેતા મૌલવી ઝાહિદ શાહ સહિત પાંચ લોકોના મોત થયા છે અને ત્રણ ઘાયલ થયા છે.

અન્ય એક ઘટનામાં, કરાચીમાં પ્રેમલગ્ન કરીને કોર્ટમાંથી પરત ફરી રહેલા એક નવપરિણીત યુગલની પણ કારનો પીછો કરીને જાહેરમાં ગોળી મારી હત્યા કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર, આ 'ઓનર કિલિંગ' (આબરૂ ખાતર હત્યા) નો મામલો હોઈ શકે છે, જેમાં મહિલાનો પરિવાર સામેલ હોવાની આશંકા છે. પોલીસે બંને મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# રાજયમાં કાળઝાળ ગરમી વચ્ચે ત્રણ દિવસમાં અમરેલી સહિત ૧૨ જિલ્લામાં માવઠાની આશંકા



અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં અસહ્ય ગરમી અને બફારાથી જનજીવન વ્યાકુળ બન્યું છે. રાજ્યના ૧૦ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યું છે, જેમાં સુરેન્દ્રનગર ૪૪.૭ ડિગ્રી સાથે સૌથી ગરમ રહ્યું છે. આ સિવાય અમદાવાદમાં ૪૪.૪, રાજકોટમાં ૪૩.૬ અને ગાંધીનગરમાં ૪૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ૩૦ મે થી ૨ જૂન દરમિયાન રાજ્યના વાતાવરણમાં પલટો આવશે. કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ૪૦ થી ૫૦ કિમીની ઝડપે ફૂંકાતા પવન અને વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદ (માવઠું) થવાની સંભાવના છે. ૩૦-૩૧ મે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ સહિતના વિસ્તારોમાં વાવાઝોડું અને હળવો વરસાદ આવી શકે છે. ૧થી ૨ જૂન સુધીમાં બનાસકાંઠા, વડોદરા, પંચમહાલ, અમરેલી અને ભાવનગર સહિત ૧૨ થી વધુ જિલ્લાઓમાં તોફાની પવન સાથે માવઠું પડવાની ચેતવણી આપવામાં આવી છે.

# ગૃહમંત્રી અમિત શાહે ભુજમાં BSF ચોકી 'S-૭'નું ઉદઘાટન કરી જવાનોની વીરતાને બિરદાવી

ભુજ,તા.૨૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભુજમાં બીએસએફ (BSF) સરહદ ચોકી 'S-૭'નું ઉદઘાટન કરી જવાનોની કઠિન પરિસ્થિતિઓમાં કામ કરવાની ક્ષમતાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે માઈનસ ૪૫ ડિગ્રીથી પ્લસ ૫૦ ડિગ્રી તાપમાન, કચ્છનું દુર્ગમ રણ, સરક્રિક-હરામી નાળાની દલદલ, કાશ્મીરના





બરફના પહાડો અને સુંદરવનના જંગલો વચ્ચે BSF દેશની 'ફર્સ્ટ લાઈન ઓફ ડિફેન્સ' તરીકે ફરજ બજાવે છે.

૭ દાયકામાં ૨૦૦૦થી વધુ જવાનોએ આપેલા સર્વોચ્ચ બલિદાનને કારણે જ ૧૪૦ કરોડ દેશવાસીઓ સુરક્ષિત ઊંઘી શકે છે. તેમણે બનાસકાંઠામાં રૂ.૨૦૦ કરોડના ખર્ચે બનેલા નડાબેટ સીમા દર્શન કેન્દ્રનો ઉલ્લેખ કર્યો, જ્યાં દર મહિને ૨.૫ લાખથી વધુ મુલાકાતીઓ આવે છે. આ કેન્દ્રની મુલાકાત બાદ અનેક માતાઓએ પોતાના સંતાનોને BSFમાં મોકલી દેશસેવા કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

# વાવ-થરાદમાં બે શ્રમિક યુવકોના ખેત તલાવડીમાં ડૂબી જવાથી મોત



પાલનપુર,તા.૨૯

બનાસકાંઠાના કરણપુરા ગામની સીમમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. ખેત તલાવડીની પાળ પર બેઠેલા એક શ્રમિક યુવકનો પગ લપસતાં તે ઊંડા પાણીમાં ખાબક્યો હતો. તેને ડૂબતો જોઈ બચાવવા ગયેલો તેનો મિત્ર પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ફાયર વિભાગે ૪૦ મિનિટની જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. મૃતક યુવકો રાજસ્થાનના બાડમેરના વતની હતા.

# પીએમ તરીકે મોદીના ૧૨ વર્ષ પૂર્ણ થતા રાજયમાં તા.૫ થી ૨૧ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે

રાજકોટ તા.૨૯

પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ સૌથી લાંબા કાર્યકાળનાં રેકર્ડની ઉજવણીના ભાગરૂપે આગામી તા.૫ જૂનથી તા.૨૧ જુન સુધી ગુજરાતભરમાં ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે તેમ પ્રદેશ ભાજપના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલે જણાવ્યું હતું. પ્રદેશ ભાજપા મુખ્ય પ્રવકતા ડો. અનિલ પટેલે જણાવ્યું છે કે વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરને અનુલક્ષીને ગુજરાતભરમાં ભાજપ દ્વારા તા.૫થી ૨૧ જૂન સુધી સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, વિકસીત ભારત સંમેલન, જન કલ્યાણ શિબિર, પ્રાકૃતીક ખેતીનો પ્રચાર પ્રસાર અને ૫૦ હજાર બુથમાં એક પેડ મા કે નામ વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાશે.



વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનના અવિરત ૧૨ વર્ષના વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના સુત્ર સાથે ભાજપ કાર્યકર્તાઓ આગેવાનો લોકોની વચ્ચે પહોંચી સરકારની વિવિધ યોજના, વિકાસની માહિતી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસાવેલી રિપોર્ટ કાર્ડની સંસ્કૃતિ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા કાર્યોની માહિતી જન જન સુધી પહોચાડાશે. આગામી તા.૫ વિશ્વ પર્યાવરણ દિનથી તા.૨૧ જૂન યોગ દિન સુધી ગુજરાતભરમાં ઘનિષ્ઠ જનસંપર્ક કરાશે.

# સીએનજીના ભાવ વધતા અમદાવાદમાં રિક્ષાચાલકોએ ભાડામાં વધારો કર્યો

અમદાવાદ,તા.૨૯



સીએનજી ગેસના ભાવવધારા સામે સરકારે ભાડું ન વધારતા રિક્ષાચાલક એસોસિએશને જાતે જ ભાડામાં વધારો ઝીંકી દીધો છે. હવે મિનિમમ ભાડું રૂ. ૨૦ ના બદલે રૂ. ૩૦ અને પ્રતિ કિલોમીટરનો દર રૂ. ૧૫ થી વધારીને રૂ. ૨૦ કરાયો છે. રિક્ષાના આ મનસ્વી વધારા સામે અમદાવાદના સામાન્ય મુસાફરો માટે AMTS, BRTS અને મેટ્રો ટ્રેન (મહત્તમ ભાડું રૂ. ૨૫) જેવી સરકારી સેવાઓ હજુ પણ ઘણી સસ્તી અને રાહતદાયક સાબિત થઈ રહી છે.

# અમદાવાદમાં એટીએમ કાર્ડ બદલી લાખોની ઠગાઈ કરતી હરિયાણાની ગેંગ ઝડપાઈ

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ શહેરમાં એટીએમ (ATM) સેન્ટરો પર નાગરિકોની નજર ચૂકવી તેમનું કાર્ડ બદલી નાખતી આંતરરાજ્ય ગેંગનો ઈસનપુર પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે હરિયાણાના બે શાતિર આરોપીઓ રવિ હોંશિયારસિંહ કુમાર અને સંજય પ્રેમસિંહ સૈનીની ધરપકડ કરી છે. આ ગેંગ એટીએમ



પર રૂપિયા ઉપાડવા આવતા લોકોની પાછળ ઊભા રહી છૂપી રીતે તેમનો પીઆઈએન (PIN) નંબર જોઈ લેતી હતી. ત્યારબાદ વાતોમાં ફસાવીને એટીએમ કાર્ડ બદલી સોનાની ખરીદી કે રોકડ ઉપાડી છેતરપિંડી આચરતી હતી. ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ ગોવિંદવાડીમાં પંજાબ નેશનલ બેંકના એટીએમ પર એક ફરિયાદી સાથે રૂ. ૧.૮૦ લાખની ઠગાઈ થઈ હતી.

ડીસીપી ઝોન ૬ ભગીરથ ગઢવીના જણાવ્યા મુજબ, સીસીટીવી (CCTV) અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આરોપીઓને ઝડપી લેવાયા છે. તેમની પાસેથી રૂ. ૩૪ હજાર રોકડા, ૨૮ ડેબિટ કાર્ડ, એક બાઈક અને બે આઈફોન સહિત કુલ રૂ. ૧.૧૪ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. આ સાથે ઈસનપુર, વેજલપુર, સરખેજ અને આનંદનગરના કુલ ૧૦ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

# સુરત નજીકના ગામે નરાધમ સાવકા પિતાએ સગીરાને પીંખી નાખતા ફીટકાર

સુરત,તા.૨૯

સુરતના પાલોદ નજીકના એક ગામમાં પિતા-પુત્રીના પવિત્ર સંબંધને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક પાપી સાવકા પિતાએ પોતાની જ ૧૫ વર્ષીય સગીર પુત્રીને છેલ્લા ત્રણ મહિનાથી વારંવાર હવસનો ભોગ બનાવી હતી. આરોપી ઘરમાં કોઈ ન હોય ત્યારે સગીરા પર દુષ્કર્મ આચરતો અને કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપીને તેને ડરાવી રાખતો હતો.



ગત ૨૫ મેના રોજ જ્યારે સગીરાની માતા રૂમની બહાર હતી, ત્યારે આરોપીએ ફરી આ કૃત્ય આચર્યું હતું. રોજિંદા અત્યાચારથી ત્રાસી ગયેલી સગીરાએ હિંમત કરી સમગ્ર હકીકત પોતાની માતાને જણાવી હતી. માતાએ તાત્કાલિક પાલોદ પોલીસ ચોકીમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પોક્સો (POCSO) એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી નરાધમ પિતાને જેલહવાલે કર્યો છે.

# સાંસદ ગેનીબેન ઠાકોરની સોશિયલ મીડિયા પર પોલીસને ચીમકી: 'પરિણામ ભોગવવા તૈયાર રહેજો'

પાલનપુર,તા.૨૯

બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' (ટ્વિટર) પર આક્રમક પોસ્ટ કરીને એલસીબી (LCB) પી.આઈ. એ.પી. ચૌધરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે પોલીસ અધિકારીને સીધી ચેતવણી આપતા લખ્યું છે કે, 'પરિણામ



ભોગવવા તૈયાર રહેજો.'

ગેનીબેને વર્ષ ૨૦૧૭ની ઘટના યાદ અપાવતા આક્ષેપ કર્યો છે કે, પી.આઈ. ચૌધરી દિયોદર તાલુકા પંચાયતના કોંગ્રેસના સભ્યોને તોડવા માટે રાજકીય દબાણ કરી રહ્યા છે અને સભ્યો પક્ષ બદલે તે માટે તેમના પરિવારોને ધમકાવી રહ્યા છે. સાંસદની આ ખુલ્લી ચીમકીથી બનાસકાંઠાના રાજકીય અને પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# છોટાઉદેપુરમાં વિજય સરઘસમાં હથિયારા સાથે પ્રદર્શન કરવા બદલ સાંસદ સહિત ૩ સામે ગુનો

છોટાઉદેપુર,તા. ૨૯

છોટાઉદેપુરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ યોજાયેલી વિજય ઉજવણી હવે રાજકીય વિવાદમાં ફેરવાઈ ગઈ છે. તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની જીત બાદ સરઘસ દરમિયાન હથિયારોના પ્રદર્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ભાજપના સાંસદ જશુ રાઠવા સહિત ત્રણ લોકો સામે ગુનો નોંધ્યો છે. મળતી માહિતી મુજબ, તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો વિજયી બન્યા હતા. આ ખુશીમાં યોજાયેલા વિજય સરઘસ દરમિયાન



કેટલાક નેતાઓ જાહેરમાં બંદૂક સાથે જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ભાજપના સાંસદ જશુ રાઠવા, તેમના પુત્ર સંગ્રામસિંહ રાઠવા અને તાલુકા પ્રમુખ રમેશ રાઠવા હથિયારો સાથે દેખાતા હોવાના આક્ષેપો થયા હતા. જાહેરમાં હથિયારોના પ્રદર્શનને પગલે કાયદો અને વ્યવસ્થાના મુદ્દે સવાલો ઊભા થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તપાસના આદેશ આપ્યા હતા. તપાસ બાદ પોલીસે જાહેરનામા ભંગના ગુના હેઠળ સાંસદ, તેમના પુત્ર અને તાલુકા પ્રમુખ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.







